REIKI VIDYA NIKETAN

सर्वे: सन्तु निरामयाः

# રેકિ બ્રહ્મ

વર્ષ - ૯ અંક ૧-૨

જાન્યુઆરી - ફેબ્રુઆરી, ૨૦૨૧






# સંમિશ્રિત ભાવનાથી ૨૦૨૦ ની વિદાય....

બાપરે! ૨૦૨૦નુ વર્ષ પણ કેવું હતું? ૨૦૨૦ શરૂઆતથી જ કંઈક અલગ હતું એ મારી સાથે ઘણા લોકોને સમજાઈ ગયું હતું. ૨૦૨૦ આ આંકડામાં જ કંઈક રહસ્ય હતું એ નિશ્ચિત. આંકડાશાસ્ત્રના અભ્યાસીઓને એ ખબર હતી કે આ ૨ ના અંક પર ચંદ્રનો પ્રભાવ હોય છે અને ૨૦૨૦ આ અંકમાં ચંદ્ર સિવાય કોઈ બીજા ક્રમાંક કે બીજા કોઈ પણ ગ્રહનો પ્રભાવ નથી. ચંદ્ર એટલે માનસિકતા અને મુખ્યત: ભાવના. ભાવનાને જો મન અને બુધ્ધિનો સાથ ન મળે તો માનવીનું જીવન અતિભાવનાશિલ અને અતિસંવેદનશીલ બની જાય છે અને તેના વ્યક્તિત્ત્વમાં વિકૃતિ આવે છે. જે એક માનવીને લાગુ પડે છે તેનું જ પ્રતિબિંબ સમાજમાં પડે છે કારણ કે સમાજ એટલે બીજું કાંઈ નહીં પણ માણસોનો સમુહ જ છે. પરન્તુ આ થયું અંકશાસ્ત્રનું નિદાન. બીજી દૃષ્ટિએ જોઈએ તો એ ધ્યાનમાં આવે છે કે સિધ્ધોને આ ખબર હતી અથવા છે કે ૨૦૨૦ થી ૨૦૨૨ સુધીનો સમય એ સાધનાની દૃષ્ટિએ કસોટીનો છે. તેમને આ ખબર હોવી એમાં કોઈપણ શાસ્ત્ર કે વિજ્ઞાનનો આધાર હોવો એ જરૂરી નથી. વિશ્વચેતનાના ખોળામાં બેસીને અનુભવેલું તેમનું જ્ઞાન એ જ વિજ્ઞાન નું મૂળ સ્વરૂપ છે.

૨૦૨૦ એ ઘણા માણસોની બલી લીધી એટલે શું તે અશુભ હતું? સામાન્ય માણસને, જેને આધ્યાત્મિકતાનો ઉપર છેલ્લો સ્પર્શ પણ થતો નથી તેમને આત્મચિંતનમાં ભાગ લેનારા અને પોતાના જ સર્વ કર્મ બાબત સારા – ખોટાનો, પાપ – પુણ્યનો વિચાર કરાવનાર ૨૦૨૦નુ વર્ષ શું સારું ન હતું? જ્યાં પોતાના જ ક્રિયા – કર્મની દિશા ચૂકી ગઈ હતી તેના બદલે સારાસારનો વિવેક સામાન્ય માણસના મનમાં તૈયાર કરીને આપણે નિસર્ગથી કેટલા દૂર ચાલ્યા ગયા છીએ તેનો બોધ આપવા આપણને અફાટ, દિવ્યતત્ત્વના ઊંડાણમાં ક્યારેય ડોકિયું ન કરનારા, પોતાના સામર્થ્યથી વંચિત રહેનારા સામાન્ય માણસને અંતર્મુખ કર્યો તે ૨૦૨૦ એ જ કોરોનાએ માણસની આંતરિક ગ્રંથીઓ તો તોડી જ પણ માનવોમાં આવેલા અહંકારના ઉન્માદને પણ મહદઅંશે છીન્નભીન્ન કરી નાંખ્યો. જીવન પ્રત્યે જોવાનો દૃષ્ટિકોણ અંદર – બહારથી બદલવાની શરૂઆત કોરોનાએ જ કરી. એ કલ્પનાતીત હતું. મારા મનમાં એક વિશ્વાસ નાનપણથી હતો અને તે એ કે પરમેશ્વરના મનમાં આવે તો તે એવું કંઈ કરી શકે  કે એક ક્ષણમાં માણસોના દુષ્ટ વિચાર નષ્ટ કરીને તેને માંગલ્ય થી ભરી દઈ શકે. એ વિશ્વાસ કોઈ પ્રમાણ વિના જાગૃત થયો. આ તો માત્ર એક ઝલક જ હતી એવું મેં માન્યું. અમેરિકાની C.N.N. ટીવી ચેનલ પર એક વાર્તાલાપમાં ભારતીય વંશના એક નામાકીંત ડૉક્ટર કહેતા હતા કે, “સાચું કહું તો રોગીઓને સાજા કરવાને બદલે અમારા શાસ્ત્રનો હેતુ હંમેશા રોગીઓના

મૃત્યુને લંબાવવું એ જ હતો,કોઈ રોગી મૃત્યુ શય્યા પર પડેલા હોય તેના મૃત્યુને અમારા શાસ્ત્રનો ભય દેખાડીને લંબાવવું એટલું જ અમે કરી શકીએ છીએ. પરન્તુ આ કોરોનાએ અમારી નજર સામે રોગીઓને મૃત્યુના હાથમાં સોંપીને અમે નિરાશ થઈ ગયા છીએ. રોગીઓને બે – ચાર મહિના વધુ આપી શકવાનું સમાધાન પણ અમને મળતું નથી, અમારું શાસ્ત્ર હવે નિષ્ફળ ગયું છે."

આજ સુધીના રોગ અને મહામારી સંભાળવી એ અતિશય કપરું ન હતું, જો કે આ રોગે ઘણા જ બલી લીધા કદાચ સ્પેનીશ ફ્લુ, પ્લેગ વિગેરે ભયંકર વાયરસે વીસમી સદીની શરૂઆતમાં કોરોના કરતાં વધારે જ માણસોના બલી લીધા હશે.પરન્તુ તે વખતે પરિસ્થિતિ જુદી હતી. બલિ થનારા જીવનનું આધુનિક જગતના મનમાં વિશેષ મહત્તવ ન હતું. મરનારા વિકાશશીલ, ગરીબ દેશના નાગરિક હતા, ગરીબી, અયોગ્ય રહેણી-કરણી, અસ્વચ્છતા, નિરક્ષરતા, ગામઠીપણું વિગેરેને દોષ દઈને તેઓ મુક્ત થઇ જતાં. પ્રગતિશીલ, પોતાને આધુનિક કહેવડાવનારા દેશોનું ગમે તેટલું નુકસાન થયાનું નજરે ચડતું નથી અને બીજા નગણ્ય અને અપ્રગતિશીલ એવા નાના દેશોમાં જો કંઈ વિપરીત થતું દેખાય તો તેમની દખલઅંદાજી તરત શરુ થઈ જાય છે. નૈસર્ગિક આપત્તિઓનો પણ આપણે મોટા પ્રમાણમાં સામનો કર્યો છે. ભૂકંપ, ત્સુનામી, મહાપૂર, વાદળોનું ફાટવું, તોફાન એ બધાએ કરેલી મનુષ્યહાની અને નિસર્ગનો વિનાશ આપણે કુશળતાપૂર્વક સ્વીકાર્યો છે. દૈવી કોપ કે નૈસર્ગિક ઘટના જાણીને તેનો સ્વીકાર કરવાનું સહેલું હતું. તેમાં મનુષ્યના અહંકારને ક્યાંય ધક્કો લાગતો નથી. પરન્તુ આ વખતે આપણે જે કંઈ જોયું અથવા જોઈ રહયા છીએ, તેમાં એક વાત સ્પષ્ટપણે દેખાય છે તે એ કે વિનાશ પામતી કુદરત હવે તંદુરસ્ત જ નહીં પરન્તુ વધારે મજબુત અને સુંદર રીતે જળવાઈ રહી છે. આકાશનો અવકાશ અતિશય સુંદર કમાન બનાવીને ઉભો છે. સમગ્ર વૃક્ષવેલી, લીલા વસ્ત્રો પહેરીને આનંદથી થઈ થઈ નાચે છે. પક્ષી અને પશુ માણસોના ક્તૃત્વના બંધનમાંથી મુક્ત થઈને ઘરઘરમાં બંદી બનીને માથું ઝુકાવીને ગભરાયેલા માણસ સામે જોઈને મંદ મંદ હસતા દેખાય છે, બધું જ વિપરીત જે ક્યારેય બન્યું ન હતું.

બીજી બાજુ જોઈએ તો ધ્યાનમાં આવે છે કે માનવોના સંપૂર્ણ વિશ્વને થંભાવી દેનારી ઘટના ન કયારેય જોઈ છે ન સાંભળી છે, માનવીના ધ્યાનમાં આવ્યું છે કે જે તેઓ આજસુધી કરતા આવ્યા છે તે કરવાની આવશ્યકતા જ ન હતી. એ પણ તેમના ધ્યાનમાં આવ્યું છે કે તેમની આંતરિક અસ્તવ્યસ્તતા જ બહારની વ્યસ્તતાને જન્મ દેતી હતી, ખરેખર આપણે ક્યારેય વ્યસ્ત હતા જ નહીં, ફક્ત આપણે એવું માનતા હતા એટલું જ. જીવનને ચલાવવા માટે હાથમાં કંઈ જ નથી અને નહોતું, આ સમજ જ માણસને આત્મપરીક્ષણ કરવા માટે પૂર્તિ હતી. ઘર મોટુંને પાયો પોલો એવી જ માણસની અવસ્થા હતી તે હવે સમજાવા લાગ્યું છે. આ સંસાર એક પરપોટો છે, સંસાર અસાર છે એ બધું જે સંત મહંતોએ કહેલા તત્ત્વો આપણી દૃષ્ટિએ માત્ર વાક્યો હતા તે હવે પુસ્તકમાંથી બહાર આવીને આપણા હૃદયમાં પ્રવેશ કરી ચુક્યા છે. તે માત્ર શબ્દો ન હતા પરન્તુ તે તો અનુભવ હતો એ સત્ય તેમને સમજાઈ ગયું છે. એક મોટો આભાસાત્મક પરપોટો ફૂટી ગયો. અને તોપણ જીવનનો પ્રભાવ અખંડ ચાલુ જ રહયો એ માણસને આશ્ચર્યજનક લાગ્યું. અતિશય ઝડપથી વધનારા વ્યવહારવા દના ઉછળતા ઘોડાને, અશ્વમેધના અહંકારી, જીદ્દી ઘોડાને હવે નિયતીએ પરાસ્ત કરી દીધો છે.

સ્વયંઘોષિત સદગુરુ અને તથાકથિત ગુરુ મહારાજ જેમ તેમ પાંચ – દશ હજાર સાધકોને પોતાના માર્ગપર લાવીને સ્વત: ભગવાન બનીને દેખાવ કરનારા સમસ્ત લોકોને, ૭૫૦ કરોડ લોકોને આઠ મહિના ધ્યાનમાં ફસાવીને દિગ્મૂઢ કરી દીધા છે. ક્યાંય જાહેરાત ન હતી, ફલક ન હતું, લટકનારા પાનાઓ ન હતા, મોટા મોટા આશ્વાસનો ન હતા. હતી તો ફક્ત શાંતિ, શુધ્ધ વ્યવહારવાદની સામે ની:સંશય અધ્યાત્મવાદ એક જ વખતે જમીન પર અથડાયા. એમાંથી આપણે ઘણું શીખ્યા તેથી કોરોના સફળ થયો.

વધુ એક સારી વાત કોરોનાએ સિધ્ધ કરી એ સમાજ વ્યવસ્થા જે પ્રત્યેક ઘર તૂટી જવાથી ભંગ થવાને આરે હતી તે વ્યવસ્થાને બરોબર કરી. ઘર એટલે માત્ર દિવસભરના કામ પછી આવીને સૂવાની જગ્યા એવું જ જાણે આપણે નક્કી કરી લીધું હતું. "ઘર માટે કર્તુત્વની થી લઈને કર્તૃત્વ માટે ઘર." એવી અવસ્થામાં માનવજાત હતી. પ્રત્યેક ઘર એ સંપૂર્ણ માનવ સમાજ વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ અથવા ગર્ભસ્થાન છે એવી સીધી સરળ સમજ પણ આપણે વિસરી ગયા હતા. કોરોનાએ પરિસ્થિતિ જ એવી તૈયાર કરી કે લોકોને ઘરે રહેવા સિવાય બીજો માર્ગ જ રહયો નહીં પછી તે ખોવાઈ ગયેલો સાથ અને સગાવ્હાલાની સાથે મળીને રહેવાની મધુરતા સહુને સમજાવા લાગી. ઘરના સભ્યોના ગુણ અનુભવવા લાગ્યા. બાળકોની મોટા થવાની પ્રક્રિયા અને તેમાં રહેલો જાદુ સહુને પહેલીવાર જોવા સમજવા મળ્યો. માં કે પત્નીના હાથની રસોઈમાં કેવો સ્વાદ હોય છે તે બહારનું ખાવા માટે પાગલ થનારા લોકોને વિસરાઈ ગયું હતું. બહારનું ખાવાનું વેંચવા માટે બનાવે છે અને ઘરનું ખાવા માટે, એ ઘણા લોકોને મોડું મોડું પણ એક વાર ધ્યાનમાં આવ્યું ખરું! કુટુંબ સંન્યાસની કલ્પના મને હંમેશા ગમે છે. કોઈ સંસારથી કંટાળીને તેનો ત્યાગ કરીને હિમાલયમાં જઈને એકાંતનો અનુભવ કરે

તેના કરતાં કુટુંબમાં પ્રત્યેકની અધ્યાત્મ પ્રત્યે અભિરુચી નિર્માણ કરીને પ્રત્યેક ક્ષણે ઘરમાં સત્સંગ કરવો એ મને વધારે આકર્ષક લાગે છે. અને અચૂક રીતે એ જ કોરોનાએ કર્યું. ઘરઘરમાં જાણે કોઈ ઈંટ સિમેન્ટની ગુફામાં સામાન્ય માણસ અસામાન્ય તત્વોનો અનુભવ લેતા ધ્યાનમાં જવા લાગ્યો.મોટા મોટા થકવી દેનારા પ્રવાસો ટળ્યા અને લોકો ઘર –ઘરમાં જ કાર્યાલયનું કામ કરવા લાગ્યા. ઘર – ઘરની જગ્યામાં પછી ક્યાંય પણ જ્યાં હું જાઉં ત્યાં તું મારો સાથી એવું કોમ્પ્યુટર માટે બોલીને હાથમાં કોમ્પ્યુટર લઈને લોકો પોત –પોતાના કાર્યાલયના કામો કરવા લાગ્યા. બધાનો જ પ્રવાસ છુટી ગયો. જેને આવી ઘરેથી કામ કરવાની સગવડતા ન હતી એવા પરસેવો પાડીને કામ કરનારા નોકરોનું કામ જવાથી તેમને પણ પ્રવાસ ટાળવાની અનુકૂળતા મળી...

થોડા રાજકીય વિરોધીઓએ નામ માત્રનો વિરોધ કર્યો તો સામાન્ય માણસોએ આ પરિસ્થિતિ શાંતિથી સહન કરી. આ બધા કોલાહલમાં, "આર. કે. લક્ષ્મણનો કોમન મેન" કોઈ સ્થિતપ્રજ્ઞની જેમ સ્થિર રહયો. માણસોમાં કાર્યશીલતા છે એવું સંતોએ કેટલાક યુગોથી કહી રાખેલું છે પણ તે સામાન્ય માણસો માટે નકામો શબ્દ હતો. તે પ્રત્યક્ષ જીવનમાં ઉતર્યો. લોકોને સંતોના શબ્દોમાં રહેલું સામર્થ્ય સમજાયું.

શૈક્ષણિક ક્ષેત્રે પણ અરાજકતાનું સરસ પ્રદર્શન કર્યું, જગતના ઈતિહાસમાં પહેલીવાર જ જગતભરના વિદ્યાર્થીઓને શાળામાંથી સામુહિક રજા મળી અને તે પણ પુરા વર્ષ માટે! તેવી જ રીતે શાળાના શિક્ષણમાં કશો દમ રહયો નથી એ વાતની સુજ્ઞ વાલીઓને પહેલેથી જ ખબર હોવાથી બાળકોને શાળામાં શિક્ષણ આપવું કે ગુરુકુળમાં મોકલવા એમ વિચારતા હતા, તેવું તેમનું માનવું તેમની સમક્ષ પ્રત્યક્ષ આવ્યું. પોતાના બાળકોને શાળામાં ગુણવત્તા પૂર્ણ શિક્ષણ મળે છે એમ જોયા વગર એ વાતને સાચી માનનારા પાલક, ઘરમાં મોનીટર પર દેખાતા શિક્ષકોનું પ્રત્યક્ષ રૂપ અને તેમનો દયાજનક  હીન પ્રયાસ જોઈને પોતાના દિકરા / દિકરીને તે શાળામાં મોકલવાની કેટલી મોટી ભૂલ કરી છે એ વિચારીને તેમની રાતની ઉંઘ હરામ થઈ ગઈ છે. ઘણા બધા પતિઓને તેમની પત્ની રસોઈ બનાવવામાં આટલી નિપુણ છે એવો સુખદ સાક્ષાત્કાર થયો. શરૂઆતના કેટલાક દિવસ ડૉકટરોને કોવીડના યોધ્ધા કહીને તેમની પીઠ પર શાબાશી આપી પરન્તુ પાછળથી સામાન્ય માણસોના અનુભવમાં ડૉકટરોનું તે જ ભયાનક રૂપ ફરીથી પ્રગટ થયું એ પણ એટલું જ સાચુ છે. કોવીડના સુટમાં ડૉકટરો કોઈ અંતરીક્ષ યાત્રી જેવા લાગતાં હતા પરન્તુ કોવીડના અજ્ઞાનને લીધે ગભરાઈ ગયેલા આ જ લોકો પાછળથી એકદમ અજ્ઞાત / અપરિચીત અને રુક્ષ એવા રોબોટ જેવા દેખાવા લાગ્યા.

ટુંકમાં કહું તો સાધારણ રીતે રોગોઅઓછા થયાનો એક આભાસ થયો ખરો કારણ કે કારણવગર થનારી શસ્ત્રક્રિયા સહજ રીતે જ થંભી ગઈ. કોરોના સિવાય બીજા કોઈ રોગથી લોકો બિમાર થતાં નથી એવું થવા લાગ્યું. ગરમી, વરસાદ, ઠંડી / શિયાળો એવી ઋતુ બદલાવા છતાં આ વખતે કોઈ બિમાર જ પડયા નહીં એવું લાગ્યું. કોરોનાએ કેવળ માણસોને જ નહીં પરન્તુ બીજા રોગોને પણ માર્યા એવું સહુ કહેવા લાગ્યા. "ઈમર્જન્સી ઓપરેશન" એ શબ્દની વ્યાખ્યા બદલાઈ. ડૉકટર જ દયાળુ પણું બતાવીને કહેવા લાગ્યા કે ઓપરેશનની જરૂરત નથી. તેથી ઓપરેશન વગર જ મોટાભાગના દર્દીઓ સાજા થયા.

ભારતીય સંસ્કૃતિએ લડયા વગર જ અન્ય સંસ્કૃતિઓ પર વિજય મેળવ્યો. "ધર્માન્તરના" પ્રયાસ વગર અને પ્રલોભન વિના લોકો હિન્દુ બન્યા આધુનિક 'હાથ મિલાવવાની' અને 'આલિંગન' આપવાની જગ્યા ફરીથી 'નમસ્તે' એ મેળવી. હળદર, આદુ, જીરું, મીઠો લીમળો એનો  જગતમાં ઉપયોગ વધ્યો આયુર્વેદિક કાઢા પીને લોકો એકમેકનું સ્વાગત કરવા લાગ્યા. જીવનભર અવિકસિત, અસ્પૃશ્યના નામને આંગળી ચિંધનારા લોકોને કર્મકાંડથી ત્રાસેલા અધ્યાત્મવાદીઓએ તેમનો ડંકો વગાડીને ઉન્મત બનીને અંધાધુંધી ફેલાવતા ચાર્વાકવાદીઓની ચારે મુંડી ચિત્ત કરી.

અને હવે આપણે શાંતિથી આ વર્ષમાંથી સુખરૂપ બહાર આવી ગયા છીએ. પરન્તુ મનમાં હજુ પણ શંકા તો છે જ કે નવું વર્ષ શું લઈને આવશે? ૨૦૨૧ ના પેટમાં શું છુપાયેલું હશે ભલા! હજી અંધારિયા લાંબાલચક બોગદામાંથી બહાર આવ્યા નથી. પરન્તુ ભારતીય સંસ્કૃતિની દિવ્ય મશાલ હાથમાં લઈને આપણે તેમાંથી બહાર આવી શકશું એમાં કશી શંકાને સ્થાન નથી. કારણ કે આપણા માટે તે શ્રધ્ધાનું બીજ છે. આપણા હાથમાં સદગુરુનો હાથ છે, આપણા માથા પર સ્વામીની કૃપા છે. આપણું મન શુધ્ધ છે. હવે માત્ર એટલું જ કહેવાનું છે.

"મન શુધ્ધ તુઝે ગોષ્ટ આહે પૃથ્વીમોલાચી તૂં ચાલ પુઢે તુલા
રે ગડયા ભીતિ કશાચી, પર્વા ભિ કુણાચી?"

આ નવું વર્ષ સહુ સાધકોની દૃષ્ટિએ અતિશય અલગ અને આનંદમય જાય એજ શુભેચ્છા! સ્વામીના આશીર્વાદ તમારા સહુના પર હંમેશા રહે તેવી સ્વામીના ચરણે પ્રાર્થના.

અજીત સર.
તા. – ૨૯/૧૨/૨૦૨૦



# જીવનની લય ચૂકી જવાય છે...

હાલમાં જ થોડા મહિના પૂર્વે આદિ શંકરાચાર્યની 'યોગ તારાવલી' પર શ્રી દિલીપ વાસુદેવ આપટેએ લખેલું ભાષ્ય મારા વાંચવામાં આવ્યું. ૨૭ નક્ષત્ર જેવી ૨૭ શ્લોકની શંકરાચાર્યની યોગ તારાવલી માત્ર એક શબ્દ "લય" પર આધારિત છે. આ ગ્રંથની શરૂઆત જ નીચે લખેલા શંકરાચાર્યના સ્તુતિશ્લોકથી કરવામાં આવી છે.

सदा शिवोकतानि संपादलक्ष, लयावधानि वसन्तिलोके|
नादानुसंधान समाधिमेकं मन्यामहे मान्यतमं लयानाम्||

પ્રત્યક્ષ ભગવાન સદાશિવે એ કહ્યું કે લય અથવા તો અવધાન (લક્ષ) આધારિત સવા લાખ સાધનાના પ્રકારો છે તેમાં પણ નાદાનુસંધાન થી સમાધિ જ સર્વ માન્ય એવી યોગિક પ્રક્રિયા છે.

આ પુસ્તક વાંચવાનું પુરું થયા સુધીમાં આધુનિક સમયના યોગી કે. શ્રી સેમ તાવરીયાની " લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય " એ પ્રક્રિયા પણ શીખવામાં આવી. આ સંપૂર્ણ વિદ્યા માત્ર 'લય' એ એક જ વાત સાથે જોડાયેલી છે. આપણો શ્વાસ લયબધ્ધ હોવો જોઈએ. શ્વાસ લેવાની પ્રક્રિયા જીવનની પ્રથમ ક્ષણથી અંતિમ ક્ષણ સુધી ચાલુ રહે છે. આપણે શ્વાસ તો લઈએ છીએ પરન્તુ તેની લય પ્રત્યે આપણે દુર્લક્ષ કરીએ છીએ અને એ જ આપણા બધા વિકારોનું, દુઃખનું કારણ છે એવું તાવરીયાજી કહે છે. આપણે શ્વાસ લઈએ છીએ તેના કરતાં કેવી રીતે લઈએ છીએ તેના પર આપણું સ્વાસ્થ્ય અવલંબિત છે. ૨૪ કલાકમાં બપોરે, સંધ્યા સમયે, સવારે, રાતે આપણી શ્વાસની ગતી બદલાતી રહે છે. આપણા ભાવ – ભાવનાનુસાર પણ આપણી શ્વાસની ગતિ અને લય સતત બદલતી રહે છે. આપણે ઉત્તેજિત હોઈયે છીએ ત્યારે આપણે એક મિનિટમાં ૨૦ – ૨૫ વાર શ્વાસ લઈએ છીએ. મગજ શાંત હોય તે વખતે તેનું પ્રમાણ સાધારણ રીતે એક મિનિટના ૧૨ થી ૧૫ શ્વાસ જેટલું હોય છે. એટલે મગજની ઉથલપાથલ પર શ્વાસની ગતિ ચાલે છે. ખરું જોતાં શ્વાસના તાલે મગજ ચાલે છે. એ ત્યારે જ થઇ શકે જયારે આપણે શ્વાસની લય પાળી શકીએ.

આપણા સ્થૂળ શરીર સાથે એક સૂક્ષ્મ શરીર પણ જોડાયેલું હોય છે, સ્થૂળ શરીરમાં જયારે શ્વાસ સંચાર ચાલુ થાય છે તે જ વખતે સૂક્ષ્મ શરીરમાં પ્રાણનું સંચાલન ચાલુ થાય છે. આ બન્નેની ગતિ અને લય સામાન્ય રીતે અલગ હોય છે. પરન્તુ તે જયારે એક લયમાં પ્રવાહિત થાય છે તે વખતે શરીરને પ્રચંડ ઉર્જાનો અનુભવ થાય છે. લય એ શબ્દ જોકે અલગ અલગ ક્રિયા માટે વાપરવામાં આવે છે તેમ છતાં નિસર્ગની લય સાથે આપણી કાર્ય પ્રણાલીની લય જોડાઈ જાય તો આપણે એક પરિપૂર્ણ અસ્તિત્ત્વનો સાક્ષાત્કાર અનુભવી શકીએ છીએ. "પિંડે તે બ્રહ્માંડે" એ ન્યાય પ્રમાણે આપણું શરીર નિસર્ગના તાલ પર જ બનેલું છે, પૃથ્વી પરના પાણીનું પ્રમાણ, તેમ જ ક્ષારોનું, આયોડીન, સોડીયમ, પોટેશિયમ વિગેરે પદાર્થોનું પ્રમાણ માનવીના શરીરમાં પણ છે. એનો અર્થ જ મૂળમાં આપણા શરીરની અને પ્રકૃતિની રચનામાં એક તાલમેલ છે. સમુદ્રના મોજા અથવા વાયુની જે લહેર હોય છે તે લયની સાથે જો આપણા શ્વાસની લયનું અનુસંધાન થઇ જાય તો સ્વસ્થ જીવનની ગુરુચાવી આપણને મળી ગઈ, એમ સમજવામાં કશી હરકત નથી.

આપણી રેકિ સાધનામાં પણ આપણે માનીએ છીએ કે માનવ અસ્તિત્ત્વમાં વૈશ્વિક ચેતનાનો પ્રવાહ એટલે જ આપણું જીવન. ચૈતન્યના પ્રવાહનો ઉલ્લેખ કર્યો કે ચૈતન્યની લહેર આવી. લહેર આવે તો સાહજિક જ તેના આરોહ અવરોહ આવે. એટલે લય અનેગત્તી આવી જ સમજો. આપણી લહેર અને સ્પંદનોની લય જયારે વૈશ્વિક લહેર સાથે જોડાય ત્યારે આપણે પરિપૂર્ણ અને સ્વાસ્થ્યપૂર્વક જીવવા માટે તૈયાર થયા. લય એ જ જીવનનો સાર છે.

કોરોનાની પરિસ્થિતિમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં બધાની વ્યવહારિક લય તૂટી જવા છતાંય ઘણા સાધકોને સમય મળવાને લીધે પોતાની લયને નિસર્ગની લય સાથે જોડવાનો મોકો મળ્યો એ પણ આનંદની વાત છે. વ્યવહારિક અને નૈસર્ગિક લય વચ્ચેના તફાવતને લીધે જ આપણા જીવનને વિકારોએ ઘેરી લીધા હતા. સદભાગ્યે કોરોનાનો તે ઘેરો તૂટી ગયો તે તેની જમા બાબત છે. હવે એ નૈસર્ગિક લય છોડવાની નથી અને ૨૦૨૧ – ૨૦૨૨ આ બન્ને વર્ષોમાં આપણે એક લયબધ્ધ જીવન જીવીશું.

અજીત સર.
તા. ૨૭ ડીસેમ્બર ૨૦૨૦.



# ગુરુચરિત્ર ગુરુપ્રેરણાથી
## (અધ્યાય ૪૬)

પ્રતિભાબેન ચોકસી, રોહિણીબેન જોશી
રાજકોટ.

દીપાવલીનો તહેવાર હતો.ગાણગાપુરની આસપાસના ગામોમાંથી સાત શિષ્યો શ્રીગુરુને તેમને ત્યાં ભિક્ષા લેવા માટે આમંત્રિત કરવા આવ્યા. સાતેય જણા શ્રીગુરુને વંદન કરીને તેમને ત્યાં આવવાનું આમંત્રણ આપે છે. સાતેય શિષ્યોનું અલગ અલગ ગામ હતું. શ્રીગુરુ તેમને કહે છે બધાનું ગામ અલગ છે તો બધાને ઘરે દીપાવલીના તહેવારમાં કેવી રીતે આવી શકું? તમે સહુ આપસમાં નક્કી કરીને પછી મને જેને ઘેર જવાનું કહેશો ત્યાં જઈશ.

સહુ એકબીજાને પૂછે છે, અંદર અંદર ઝઘડે છે અને તેઓ નક્કી કરી શકતા નથી કે શ્રીગુરુ કોને ત્યાં જશે એ જોઈને શ્રીગુરુ કહે છે હું તો સાતેયનો ગુરુ છું હું સાતેયના ઘરે આવીશ. ત્યારે સહુ શિષ્યો વિચારે છે કે આતો આશ્વાસન. આપવાની વાત છે. ગુરુ એક સાથે સાત જણાને ઘેર કેવી રીતે જશે? તેઓ એ વાત માનવા તૈયાર થતા નથી તેથી શ્રીગુરુએ યુક્તિ કરી એક એકને એકાંતમાં બોલાવીને કહયું કે તારે ઘરે આવીશ, પણ તું કોઈને કહેતો નહીં. આ રીતે સાતેયને સમજાવીને તેમના ગામે મોકલ્યા ત્યારે ગામના શિષ્યો, શ્રીગુરુને વિનવે છે કે તમે દીપાવલીમાં અહીં જ રહેજો. ત્યારે તેમને પણ સાંત્વન આપે છે કે દીપાવલીમાં હું અહીં જ રહીશ. તે દિવસે રાતે મંગલ સ્નાન કર્યું અને તેમના આઠ રૂપ થયા. એક રૂપ ગાણગાપુર મઠમાં રહયું, જયારે અન્ય રૂપો પેલા સાત શિષ્યોને ત્યાં ગયા સમસ્ત સ્થળે પૂજા સ્વીકારી, તેમના ગુપ્તરુપો કોઈએ પણ ન જાણ્યા. ફરી સહુ કાર્તિક માસની પૂર્ણિમાએ ભેગા થયા, ત્યારે સહુ અંદર અંદર વાત કરવા લાગ્યા કે શ્રીગુરુ મારે ત્યાં આવેલા, તેમણે આપેલું વસ્ત્ર બતાવે છે, ત્યારે ગામના લોકો તેમને જુઠા કહે છે, તેઓ કહે છે કે શ્રીગુરુઓ અહીં જ હતા. ત્યારે સહુ વિસ્મય કરે છે. શ્રીગુરુ તો નક્કી ત્રયમૂર્તિનો અવતાર છે, તેમનો મહિમા આપણે શું જાણીએ. એમ કહીને સહુ તેમની સ્તુતિ કરે છે. પછી મઠમાં દીપ આરાધના તેમજ બ્રાહ્મણ ભોજન થાય છે અને મહાનંદ વ્યાપે છે.

બોધ:-

૧) આ અધ્યાયમાં ગુરુ કે ઈશ્વરની વિશ્વવ્યાપકતાનો આપણને અનુભવ થાય છે. શ્રીગુરુ જયારે કારંજનગરમાં તેમના માતા પિતાને મળવા જાય છે ત્યારે પણ અનેક રૂપો ધરીને માતા – પિતા તેમજ અન્ય નગરજનોની પૂજા આરતી સ્વીકારે છે.

ભગવાન રામ પણ જયારે ૧૪ વર્ષના વનવાસ પછી જયારે અયોધ્યા પાછા આવે છે ત્યારે પણ અનેકરુપો ધરી સહુ અયોધ્યા વાસીઓને એક સાથે મળીને તેમને સંતુષ્ટ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ રાસલીલામાં અનેકરુપો ધારણ કરીને કૃષ્ણ ઘેલી ગોપીઓના કૃષ્ણપ્રેમને પુષ્ટિ આપી હતી.

૨) આ અધ્યાયમાં એમ પણ કહે છે કે ગુરુ વિના ગતિ નથી. તેમના શરણાગત થવાથી જ સંસારસાગરને પાર કરી શકાય છે.

જય ગુરુદેવ.



# ગુરુચરિત્ર ગુરુપ્રેરણાથી

## (અધ્યાય ૪૭)


પ્રતિભાબેન ચોકસી, રોહિણીબેન જોશી

રાજકોટ.


આ અધ્યાયમાં શ્રીગુરુ જયારે ગાણગાપુરમાં હતા, ત્યારે તેમનો શૂદ્ર ભકત નામ પર્વતેશ્વરની કથાનું વર્ણન છે. તેનો ભકિત નો પ્રકાર મન, વચન, કાયાથી શ્રીગુરુને નમન કરતો. શ્રીગુરુ જયારે સંગમે અનુષ્ઠાન માટે જતાં ત્યારે માર્ગમાં શૂદ્રનું ખેતર આવતું, આ ભકત શ્રીગુરુને જોઈને ખેતરમાંથી દોડીને આવતો, સાષ્ટાંગ નમન કરી સ્વસ્થાને ફરી જતો વળતી વખતે પણ આ જ પ્રક્રિયા ચાલુ રહેતી, આવું કેટલા વર્ષો સુધી ચાલતું રહયું. એક સમયે શૂદ્ર જયારે નમન કરવા આવ્યો ત્યારે શ્રીગુરુ તેને પૂછે છે, “કેમ રે નિત્ય કષ્ટ કરે છે, તારા મનમાં શું કામના છે?” ત્યારે શૂદ્ર કહે છે કે મારા ખેતરમાં અનાજ તૈયાર છે, શ્રીગુરુના પૂછવાથી તેણે કહયું કે જુવાર વાવી છે ને પાક થશે, તમારી કૃપાથી, દાણા બેસશે હવે. તમારે પુણ્યે અમે જમીશું, શૂદ્ર કહે છે કે મારા ખેતરને અમીદૃષ્ટિથી જુએ કારણકે તમે સૌનું પ્રતિપાલન કરો છો. શૂદ્ર માની ઊપેક્ષા ના કરતા, ત્યારે શ્રીગુરુ તેને કહે છે કે હું મધ્યાન્હે પરત આવું ત્યારે, બધો પાક કાપી લેજે, જો દ્રઢ ભકિત હોય તો મારું વાકય અંગીકાર કરજે, શૂદ્ર કહે છે, ગુરુ વાકય મારે વેદ પ્રમાણ.

ગામમાં આવી અધિકારીને વિનવે છે, માપણી કરી દયો, ગત વર્ષ પ્રમાણે આપીશ ધાન્ય, અધિકારી માનતા નથી તેને એમ થાય છે કે પાક વધારે થયો છે ને શૂદ્ર રાજયને ભાગ દેવા નથી માંગતો તો માપણી કરવાની ના પાડે છે જયારે શૂદ્ર અધિકારીને વચન આપે છે કે, બમણો ભાગ આપીશ, કહો તો હમણાં ઘરના ઢોર બાંધી દઉં, પણ મને પાક કાપવાની પરવાનગી આપો, અધિકારીએ રજા આપી તો માણસો બોલાવીને પાક કાપવાનું શરુ કર્યું ત્યારે ઘરના લોકો સ્ત્રી પુત્ર રાજદ્વારે જઈને કહે છે કે તેનો પતિ પાગલ થયો છે અને મૂર્ખતાથી પાક સર્વ કાપી લીધો.સંન્યાસીના કહેવાથી, અધિકારી કહે છે કે મારી પાસે લખાણ છે, હું કાંઈ ન કરું. એમ તે શૂદ્ર શ્રીગુરુ મધ્યાન્હે પરત આવ્યા ત્યાં સુધીમાં પાક કપાવીને મધ્યમાં ઊભો રહયો, શ્રીગુરુને વંદન કરવા, શ્રીગુરુ કહે છે, મેં તો મજાકમાં કહયું હતું તે વ્યર્થ કાપી નાખ્યું! ત્યારે શૂદ્ર ભકત કહે છે કે, ગુરુ વાકય મારે કામધેનુ, તેથી શ્રીગુરુ કહે છે જેવી તારા મનમાં ભકિત તેવી તને ફલશ્રુતિ મળશે. ચિંતા ના કરતો, આમ બન્ને ગામમાં પાછા આવ્યા અને પોત પોતાના સ્થાને ગયા.

તે શૂદ્રના ઘરમાં બધા વિલાપ કરતાં હતા, ત્યાં આવીને બધાને સાંત્વન આપે છે, આમ આઠ દિવસ પસાર થતાં કમૌસમનો વરસાદ પડયો અને ઠંડી પડવાથી ગામનો પાક નષ્ટ થયો. ગામ ધાન્ય વગરનું રહયું. દેશ થયો દુષ્કાળ ગ્રસ્ત. બીજી બાજુ તે શૂદ્રના ખેતરનો પાક કપાવી લીધો હતો, તેમાં દશ ગણું વધીને જુવાર પાકયો ગામમાં બધાને આશ્ચર્ય થયું, તે શૂદ્રની પત્ની પણ સંતુષ્ટ થઈ ક્ષમા માંગી અને ખેતરોના પાંડવોને પૂજીને શ્રીગુરુના દર્શને ગયા ત્યારે શ્રીગુરુ તેમને પૂછે છે શું થયું ત્યારે બન્ને શ્રીગુરુની સ્તુતિ કરી, આરતી કરી, ભકિતથી તેમને સારો વૃતાંત કહયો, અને ત્યારે શ્રીગુરુ તેમને આશીર્વાદ આપે છે કે, અખંડ લક્ષ્મી તેમને ઘરે નિવાસ કરશે આમ એક મહિનો પસાર થતા પાક થયો અપાર. તેણે અધિકારીને કહયું કે, આ બધું લઈ જાવ ને ગામના લોકોને આપો તો અધિકારી પણ કહે છે કે લખાણ પ્રમાણે જ લઈશ કારણકે તારા પર છે શ્રીગુરુની કૃપા. આમ તે શૂદ્ર સંતોષ પામી ગામના બ્રાહ્મણોને, જરૂરીયાતમંદોને અનાજ આપી સંતુષ્ટ કર્યા.

**બોધ:**

આ અધ્યાયમાં એક શૂદ્રની અનન્ય ભકિત છે જે સમજાવે છે કે ભકિતને કોઈ વર્ણ સાથે લેવા દેવા નથી જન્મ કોઈ પણ જાતિમાં હોય ભકિત બધા વર્ણ ના લોકો કરે છે. શ્રીગુરુના વચનની આજ્ઞાકીંતતા, તેમના વચનમાં વિશ્વાસ અને તેમને કહેલ કાર્ય કરવા માટે સંશય રહિત દ્રઢ મનોબળ જોવા મળે છે. વિપરતી પરસ્થિતિ આવે ત્યારે શ્રીગુરુ રક્ષે છે અને આવનારા સમયમાં યોગ્ય આર્થિક, યશ, માન, કીર્તિમાં વધારો કરાવે છે તે વાત ખૂબ સારી રીતે સમજાવી છે.



# તેલંગ સ્વામી

## એક અદ્ભુત અસ્તિત્વ

## (ભાગ - ૨૯)

સૌ. શુભદા ગર્ગે, નાસિક

અંબાલિકા નામની એક સ્ત્રી સ્નાન માટે રોજ પંચગંગા ઘાટપર જતી. સ્નાન પત્યા પછી ફૂલ લઈને તે સ્વામીજી પાસે જતી અને તેમને સાક્ષાત વિશ્વનાથ માનીને તેમની પૂજા કરતી. અંબાલિકા સાથે ક્યારેક તેની દીકરી શંકરી પણ જતી. માંની ભક્તિ જોઈને તેની પણ સ્વામીપર શ્રધ્ધા બેઠી.

તે સમયમાં કાશીમાં શીતળામાતાનું સંક્રમણ હતું. શંકરીને તેનો ચેપ લાગ્યો. તેની તબિયત બગડવા લાગી. દીકરીની આ સ્થિતિ જોઈને માં ગભરાઈ ગઈ. ખાન-પાન, સ્નાનાદિ કાર્યો છોડીને શંકરીની સેવા કરવા લાગી.

એક દિવસ શંકરી શાંત થઈ. બોલાવે તોંય આંખો ખોલતી ન હતી. અંબાલિકા સમજી ગઈ કે હવે શંકરી સ્વસ્થ નહીં થાય. દુ:ખ સહન ન થતાં તે રડવા લાગી. ત્યારે ચમત્કાર થયો અને શંકરીનો અવાજ આવ્યો, " માં, તું કેમ રડે છે?" દીકરીનો અવાજ સાંભળીને માં ને આશ્ચર્ય થયું. જે શાંત થઈ હતી એજ મારી દીકરી બોલવા લાગી. આંખ લૂછતાં માં બોલી, "હવે મારી સહનશક્તિ ખૂંટી ગઈ છે. તે બોલતી પણ ન હતી. જાણે ઈશ્વર મારાપર રિસાયો ગયો. સ્વામીજી કૃપા પણ કરતાં નથી."

શંકરી બોલી, "માં, એવું ના બોલીશ. સ્વામીજીની આપણાં પર કૃપા છે. તેઓ તો તારી બાજુમાં જ ઊભા છે."

અંબાલિકાએ ચારે બાજુ નજર ફેરવી. તેને કોઈ દેખાયું નહીં. શંકરીને છેલ્લે ભ્રમ થયો છે એવું સમજીને તે દુ:ખથી બોલી, "ક્યાં છે સ્વામીજી? મને કેમ દેખાતા નથી?"

માં ની વાત સાંભળીને શંકરીને આશ્ચર્ય થયું. તેણે માં નો હાથ પકડીને સ્વામીજીના પગ પર મૂક્યો. તે ક્ષણે અંબાલિકાને સ્વામીજીના દર્શન થયા.

શંકરીના ઓશિકા નજીક બેસતા સ્વામીજી બોલ્યા, "તું તો રાણી છે. તારી માં એમજ ગભરાય છે. તું જલદીથી સ્વસ્થ થઈશ." બીજા દિવસથી શંકરીની તબિયત સુધરવા લાગી. પાંચમા દિવસે તે સંપૂર્ણ સ્વસ્થ થઈ.

ઘરમાં શંકરી શ્રીરામની લાકડાની મુર્તિ સાથે રમતી અને તે મૂર્તિની પૂજા પણ કરતી. એક દિવસ તેને લાગ્યું, લાકડાની મૂર્તિની પૂજા કેમ કરું. સ્વામીજીની કૃપાથી હું સંપૂર્ણ સ્વસ્થ થઈ છું તો તેમની પૂજા કરવી જોઈએ. માં ગંગાસ્નાન માટે ગઈ હતી. શંકરી ફૂલહાર અને પૂજાનો સામાન લઈને બહાર જવા તૈયાર થઈ. ત્યારે તેણે જોયું કે રામની મુર્તિ ગાયબ થઈ હતી, તેની જગ્યાએ સ્વામીજીની મુર્તિ હતી. તેને ખબર ના પડી કે શું થયું . એટલી વારમાં મૂર્તિમાથી અવાજ આવ્યો કે બેટા પૂજા કરે છે ને ! શંકરીને લાગ્યું કે સ્વપ્નામાં તો નથી ને? તે સ્વામીજીના આશ્રમમાં પહોંચી ગઈ. સ્વામીજી ધ્યાનસ્થ હતા. શંકરીએ ઘરે જે ફૂલોનો હાર તેમને ગળામાં પહેરાવ્યો હતો તે અત્યારે પણ તેમના ગળામાં પહેરેલો હતો. સ્વામીજીએ આંખો ખોલતા શંકરીએ હાર વિશે પૂછ્યું તો સ્વામીજી બોલ્યા, "તેં જ હાર પહેરાવ્યો હતો. " શંકરી ગૂંચવાઈ ગઈ. તેના બાળ મનને કંઇ બોધ થતો ન હતો.

એક દિવસ સ્વામીજી ગંગાસ્નાન માટે જતાં હતા ત્યારે રસ્તામાં શંકરી મળી. તેઓ તેને પોતાની સાથે ગંગાસ્નાન માટે લઈ ગયા.

સ્વામીજીએ એક ડૂબકી મારી પછી શંકરીને બોલાવી. શંકરીએ પોતાને તરતા આવડતું નથી તેમ કહ્યું. સ્વામીજીના કહયા મૂજબ શંકરી તેમની પીઠ પર બેઠી. થોડું અંતર તરતા જઈને સ્વામીજીએ ડૂબકી મારી. શંકરી ચકિત થઈ કારણ કે પાણીની નીચે તે મહેલ જેવા ઘરમાં ઊભી હતી. સ્વામીજીએ પૂછ્યું, “બેટા તું ક્યાં છે?” શંકરી બોલી, “બાબા, આ તો મહેલ લાગે છે. “ સ્વામીજીએ પૂછ્યું, “તે મહેલ ક્યાં જોયો?” શંકરી બોલી , “દશાશ્વમેધ ઘાટ આગળ એકવાર માં સાથે ગઈ હતી.” ત્યારેજ શંકરીને તેના જેવી બીજી છોકરી દેખાઈ. તે કોણ છે એવું પૂછતાં સ્વામીજીએ કહ્યું “આ દેવી ભગવતી છે. તેમને પ્રણામ કર.”

શંકરીએ પ્રણામ કર્યા પછી પૂછ્યું કે આપણે તો ગંગાના પાણીમાં હતા, તો પાણી  ક્યાં ગયું ? સ્વામીજીએ તેને ચારે બાજુ હાથથી સ્પર્શ કરવા કહ્યું. શંકરીએ સ્પર્શ કરતાં તેને ચારે બાજુ પાણીનો સ્પર્શ થયો અને તે ખુશ થઈ.

થોડીવાર પછી શંકરીને લાગ્યું કે તે ઘાટ પર બેઠી છે, સામે ગંગાનો પ્રવાહ છે. લોકો સ્નાન કરી રહ્યા છે અને સ્વામીજી પણ પાણીમાં ડૂબકી મારે છે.

તેણે સ્વામીજીને પૂછ્યું, “બાબા, આપણે ક્યાં ગયા હતા? અને પાછા અહીં કેવી રીતે આવ્યા? “ સ્વામીજીએ જવાબ આપ્યો, “આપણે નિષ્કામ ધામ ગયા હતા. તું નિર્દોષ હતી એટલે ત્યાં આવી શકી. ઘરે ગયા પછી શંકરીએ માં ને બધી હકીકત જણાવી. અંબાલિકાને વિશ્વાસ થતો ન હતો, તે અવાચક થઈને જોવા લાગી.



# તેલંગ સ્વામી

## એક અદ્ભુત અસ્તિત્વ

## (ભાગ - ૩૦)

**સૌ. શુભદા ગર્ગે, નાસિક**

બંગાળમાં લોકનાથ બ્રહ્મચારી, શ્યામાચરણ લાહિરી અને પ્રભુપાદ વિજયકૃષ્ણ ગોસ્વામી ત્રણેયને ભગવાનની જેમ પૂજવામાં આવે છે. તેમના ભક્તો ઠેકઠેકાણે આશ્રમ બનાવીને ભજન-કીર્તન કરતાં હોય છે.

એક સમય હતો જ્યારે વિજયકૃષ્ણ ગોસ્વામી કટ્ટર બ્રહ્મસમાજી હતા. બંગાળમાં બ્રહ્મસમાજના પ્રચાર અને પ્રસાર માટે અથક કાર્ય કરવાથી તેઓ એક નેતા તરીકે ખ્યાતિ પામ્યા હતા. સમય જતાં તેમને બ્રહ્મસમાજ પ્રત્યે અણગમો પેદા થયો અને તેઓ સર્વસંગ પરિત્યાગ કરીને યોગસાધના કરવા લાગ્યા.

તેઓ ભારતના ઘણા સંત, મહાત્મા, યોગી, પાસે યોગ શીખવા માટે ગયા, પણ કોઈએ તેમને શિષ્ય તરીકે સ્વીકાર્યા નહી. કોઈ કહેતું “હજી સમય આવ્યો નથી.” તો કોઈ કહેતું યોગ્ય સમયે ગુરુ તમને શોધતા આવશે. બ્રહ્મસમાજના પ્રમુખ કાર્યકર્તા હોવાથી દરેક કામ ઝડપથી કરવાની ટેવ હતી. ગુરુને શોધતા તેઓ કાશી પહોંચ્યા.

કાશીના કેદારઘાટ નામના મહોલ્લામાં લોકનાથ નામના પરિચિતના ઘરે રહ્યા. લોકનાથ હોમીઓપેથી ડોક્ટર હતા. તેમણે ગોસ્વામીજીને પોતાના ઘરે રાખી લીધા.

ગોસ્વામીજીએ લોકનાથજીને કહ્યું, “હું ફક્ત રાત્રે સુવા માટે તમારા ઘરે આવીશ. આખો દિવસ મારા કાર્ય માટે હું ક્યાં હોઈશ એ કહી શકું નહી. તમારા રોજિંદા કાર્યમાં મારા લીધે અવરોધો નહી આવે. “

લોકનાથ બાબુએ સ્મિત સાથે કહ્યું, “ ઠીક છે. અમારા ઘરમાં ઘણા ઓરડા છે. હું તમને બહારની તરફ બારણું ખૂલે એવો ઓરડો આપું છું. તમે ત્યાં રહો.”

ગોસ્વામીજી તેમને ધન્યવાદ આપતા બોલ્યા, “યોગ શીખવનારા

સંત, મહાત્માઓની શોધમાં હું અહીં આવ્યો છું. તમે ઘણા વર્ષોથી અહીં રહો છો, તમને તૈલંગસ્વામી વિષે કોઈ જાણકારી છે?"

લોકનાથ બાબુ બોલ્યા, "તૈલંગસ્વામી તો સાક્ષાત શંકર ભગવાન છે. પહેલા નજીકમાંજ રહેતા હતા. હવે મણિકર્ણિકા ઘાટથી આગળ પંચગંગા ઘાટપર રહે છે. નજીક રહેતા હતા ત્યારે દર્શન કરવા જતો હતો. પંચગંગા ઘાટ ખૂબ દૂર છે. આ ઉંમરમાં દૂર સુધી ચાલતા જવું શક્ય નથી. "

પછી શું થયું તે ગોસ્વામીજીના શબ્દોમાં, "હું મન ફાવે તેમ દિવસરાત ફરતો હતો. મારો ઘણો સમય તૈલંગસ્વામી સાથે પસાર થતો. કેટલાય દિવસો સુધી તેઓ મારા શરીરપર કૂતરાની વિષ્ઠા, કાદવ, માટી, ગંદગી, કચરો નાખતા. અને પોતાના શરીરે પણ લગાવતા. એટલે તે દુર્ગંધથી કંટાળી હું જતો રહું. આવી રીતે મારી પરીક્ષા લીધા પછીજ તેઓ મારી સાથે પ્રેમથી વર્તવા લાગ્યા. વ્હાલથી જમાડતા. મારા સવાલોના જવાબ આપતાં. મને જોઈને કહેતા, "તને ભૂખ લાગી હશે ને? " મે હા પાડતાંજ ત્યાં બેઠેલા લોકોને ઈશારો કરતાં. ૪-૫ લોકો ઊઠીને તરત નાસ્તો લેવા બજારમાં દોડતા. ઘણોબધો નાસ્તો લઈ આવતા. હું મને જોઈએ એટલો નાસ્તો રાખીને બાકીનો સ્વામીજીને આપતો. હું તેમને જમાડતો અને તે આનંદથી જમતાં. તેમનો આહાર વ્યવસ્થિત હતો. શરીર ભારે હતું. ઘણીવાર કેદારઘાટપર ડૂબકી મારીને પંચગંગા ઘાટ સુધી જતાં. હું દોડીને ત્યાં પહોંચી જતો.

ખરું જોતાં ગોસ્વામીજી ગુરુની શોધમાં કાશી આવ્યા હતા. કાશીમાં અનેક સંત, મહાત્મા હોવાથી કોઈક તો શિષ્ય તરીકે તેમનો સ્વીકાર કરશે એવો તેમને વિશ્વાસ હતો. તૈલંગસ્વામીથી તેઓ પ્રભાવિત થયા. સ્વામીજીને પારખવા ગોસ્વામીજી તેમને કેટલાય પ્રશ્નો પૂછતા.  ગોસ્વામીજી માનતાં કે યોગી અને મહાત્મા સાક્ષાત ઈશ્વરને જોઈ શકે છે.

એક સવાલના જવાબમાં તૈલંગસ્વામી બોલ્યા, " ગોસ્વામી, દિક્ષાપ્રાપ્તિ માટે જરૂરી એવા બધા લક્ષણો તારામાં દેખાય છે. તેનો ઉલ્લેખ કરવાનો સમય હજી આવ્યો નથી. સમય આવે ત્યારે તારા ગુરુ તને સમજાવશે. તું બ્રહ્મસમાજી છે, અને મૂર્તિપૂજામાં માનતો નથી. ભગવાન ફક્ત નિરાકાર નહીં, સાકાર પણ છે. ખરેખર તો ભગવાન રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દાતીત છે. જેઓ નિરાકાર ઉપાસના કરે છે તેમને પોતાની ઉપાસના બરાબર થાય છે કે નહીં તેની ખબર પડતી નથી. ભક્તિની ચર્ચાથી માનસિક શાંતિ મળે તોય ગતિ પ્રાપ્ત થતી નથી. દૈવી તત્વજ્ઞાનને સમજવું હોય તો સાકાર રૂપનું ચિંતન કરવાથી સાકાર ઉપાસના થાય છે. સાકાર રૂપનું ચિંતન કર્યા વગર ભગવાનનું મહત્વ, શક્તિ અને ગુણો હૃદયમાં અવતરતા નથી.

ગોસ્વામીજએ પૂછ્યું, "સાચું શું, ખોટું શું એ ગુરૂના માર્ગદર્શન વગર જાણી શકાતું નથી. મેં મારા સાચા ગુરુની શોધમાં ભારત ભ્રમણ કર્યું. દરેક જણે કહ્યું કે હું તારો ગુરુ નથી. મને શિષ્ય તરીકે સ્વીકારવા કોઈ તૈયાર નથી.

તૈલંગસ્વામી બોલ્યા, "તું ગુરુની શોધમાં નીકળ્યો છે. લાહોર હતો ત્યારે નિષ્ફળતાથી નિરાશ થઈને આત્મહત્યા કરવા નીકળ્યો હતો. એક ફકીરે તને બચાવી લીધો. આવી રીતે ગુરુને શોધવાનો કોઈ અર્થ નથી. તારા ગુરુ કોણ છે તે હું જાણું છું. સમય આવ્યે તને મળશે. તે પહેલા હું તને ગુરુની મહાનતા વિષે કહું છું. તેથી તારો ભ્રમ દૂર થશે."

એટલું બોલીને તૈલંગસ્વામીએ મંગલને બારણું બંધ કરવા કહ્યું. બારણું બંધ કરીને મંગળદાસ ત્યાંજ બેઠા, બીજા ચાર ભક્તો પણ હતા.

તૈલંગસ્વામી બોલ્યા, " ગુરુ કોને કહેવું અને ગુરુની જરૂરિયાત શું છે તે જાણી લેવું જોઈએ. ગુરુ શબ્દનો અર્થ છે – ગ એટલે ગતિ આપનાર , ર એટલે સિધ્ધિ આપનાર અને ઉ એટલે કર્તા એટલે સાક્ષાત પરમેશ્વર ગુરુ છે. ગુરુ વગર માણસને મુક્તિ નથી. જે ગતિ મુક્તિનો માર્ગ બતાવે તે ગુરુ છે, તેથી પરમેશ્વર અને ગુરુ બંને એકજ છે. એવા ગુરુને સગુણ ઈશ્વર કહેવાય છે. ઘણા લોકો ગુરુ શબ્દનો અર્થ આ રીતે પણ કહે છે – ગુ શબ્દનો અર્થ અંધારું (અજ્ઞાન) રુ શબ્દનો અર્થ નાશ કરનાર / નિવારણ કરનાર એટલે અજ્ઞાનરૂપ અંધ:કારનો નાશ કરે તે ગુરુ. એવા ગુરુને સામાન્ય માનવી સમજવું ઉચિત નથી. ગુરુનો સાથ હોય ત્યારે કોઈપણ દેવતાની ઉપાસના કરવી નહીં કારણ કે તે સફળ થતી નથી. ગુરુજ કર્તા એટલે વિધાતા છે. ગુરુ સંતુષ્ટ થાય તો સાક્ષાત પરમેશ્વર સંતુષ્ટ થાય છે. ગ શબ્દના ઉચ્ચારથી મહાપાપનો નાશ થાય છે, ઉ શબ્દના ઉચ્ચારથી આ જનમનું પાપ નષ્ટ થાય છે અને રુ શબ્દના ઉચ્ચારથી પાછલા જનમના પાપોનો નાશ થાય છે. ગુરુજ માતાપિતા છે. શિવના પ્રકોપથી પણ ગુરુ બચાવી શકે છે પણ ગુરુ નારાજ થાય તો કોઈ બચાવી શકતું નથી. ગુરુ સર્વશ્રેષ્ઠ છે. શિષ્યને ભવસાગર પાર કરવા મદદ કરનાર ફક્ત ગુરુ છે. "

થોડીવાર શાંત રહીને સ્વામીજી બોલવા લાગ્યા, "ગુરુ કોને કહેવાય? જે સર્વશાસ્ત્રદર્શી છે, કાર્યદક્ષ છે, શાસ્ત્રાર્થ જાણે છે, જેમની વાણી મધુર છે, રૂપવાન, જીતેન્દ્રિય, સત્યવાદી, બ્રાહ્મણ (બ્રહ્મ જાણનાર ) શાંતચિત્ત, માતાપિતાનું હિત સાચવનારા, આશ્રમમાં રહેનારા, આપણા દેશના,વિકલાંગ ના હોય એવા, જેમના દર્શનથી પ્રસન્નતા અનુભવાય એવા વ્યક્તિનો ગુરુ તરીકે સ્વીકાર કરવો જોઈએ. "



# રેકિ – કૃષ્ણ અને સાધક

### મીના ભાવે, વડોદરા

રેકિ સેમિનારમાં ઘણીવાર મૌલિક વાક્યો સાંભળવા મળતા હોય છે. સેમિનાર પત્યા પછી પણ તે વાક્યો મનમાં ફરતા હોય છે. અજાણતા તેના પર મનન/ચિંતન થાય છે અને સેમિનારમાં રોપાયેલા રેકિ બીજને નવા અંકુર ફૂટે છે.

આ મહિનાના સેમિનારમાં એક વાક્ય સાંભળ્યુ. રેકિ તમારા જીવનમાં કૃષ્ણ બનીને આવી છે. સેમિનાર પત્યા પછી પણ કેટલાય દિવસો સુધી આ વાક્ય મનમાં ગુંજતું હતું.

કૃષ્ણ, ભગવાન કૃષ્ણ, જુદાજુદા અનેક રૂપ છે એમના. બધાજ સુંદર. દરેકને જીવનના વિવિધ પડાવ પર વિવિધ રૂપમાં તે મળે છે અને તેમનું રૂપ ગમે છે. બધા સાથે તેમનો ખાસ એવો એક સબંધ છે. જે જીવનપર્યંત આપણને સાથ આપે છે.

રેકિ તો જન્મથીજ આપણી સાથે છે. આપણાં શ્વાસ જેવી. જ્યાં પ્રેમ અને કરુણા છે, ચૈતન્ય છે, ત્યાં રેકિ છે. એ ચૈતન્યનો પ્રવાહ, જીવનનો આધાર એટલે રેકિ. રેકિ સાધનામાં આવતા પૂર્વે તેના અસ્તિત્વની જાણ ન હતી.

ભગવાન કૃષ્ણના ચરિત્રમાં એક વાતનો ખ્યાલ આવે છે કે શ્રુતિ સ્મૃતિ અથવા પરંપરા પાલન કરતાં, પ્રાપ્ત પરિસ્થિતિમાં સદસદ્ વિવેક બુધ્ધિથી વર્તન કરવું એજ સુખી સમાધાની જીવનની ગુરુચાવી છે. મને લાગે છે કે ભગવાન શ્રીકૃષ્ણ સદસદ્ વિવેક બુધ્ધિના રૂપે હંમેશા આપણી સાથે છે અને રેકિ તત્વોનું પાલન એ તો ઉત્તમ જીવનમૂલ્યોનો એક બોધપાઠ જ છે ને ?

એવી રીતે લૌકિકાર્થે સુખી સમાધાની જીવન જીવતા ઘણા લોકોને આગળ જતાં જીવનમાં ઉણપ દેખાવા લાગે છે. કોઈ એક વ્યક્તિ કે વસ્તુપર સુખ માટે આધાર રાખવો, તેમાંથી પ્રાપ્ત થનાર અસ્થાયી સુખની મર્યાદાઓ સમજાય છે. સંત, મહાત્માના ચરિત્ર વાંચતી વખતે, સત્પુરૂષો, પરિચિત સાધકોનું જીવન નજીકથી જોતી વખતે, સુખની, આનંદની વ્યાખ્યા તપાસવાની ઈચ્છા થાય. ઘણા લોકોને અચાનક કોઈ ભયાવહ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે અને જીવન પ્રત્યે તેમનો દ્રષ્ટિકોણ બદલાય છે ( જો તે સ્મશાનવૈરાગ્ય હોય તો જીવન પૂર્વવત શરૂ થાય છે)

આ સમયે પરિચિતો તરફથી અલગ અલગ સલાહ મળે છે. તે મુજબ વિવિધ સાધના માર્ગ અજમાવવામાં આવે છે. જેમ કે, નામજાપ, પોથીવાચન, સત્સંગ, ગ્રંથાભ્યાસ, ઘણા નસીબદાર લોકોના જીવનમાં રેકિ આવે છે તો ઘણાને ગીતામૃતનો લાભ થાય છે. અર્થાત, દરેક સાધનાનું ધ્યેય હોય છે કે આપણે જ્યાંથી આવ્યા ત્યાં પાછા જવાનો માર્ગ બતાવવો, જે નરદેહનો હેતુ છે. નર એટલે નારાયણ થવાની લાયકાત હોય એવો માનવી.

આપણાં સ્વભાવમુજબ પોતાના માટે કઇ સાધના યોગ્ય છે તે સમજાય છે અને વાનરથી નરનો પ્રવાસ શરૂ થાય છે (પશુત્વ થી

મનુષ્યત્વ તરફ ) . આપણે બધાએ રેકિને, સાધના તરીકે સ્વીકારી છે. શરૂઆતમાં જેવી રીતે શક્ય છે તેવી રીતે રેકિ લીધી. ધીમેધીમે અનુભવ થવા લાગ્યા. સાધકોના અનુભવ જાણ્યા પછી તેનું મહત્વ સમજાય છે. સાધના કરવાની ઈચ્છા થાય છે. રેકિ સાધના માટે સમય ફાળવ્યો હોય તે એક ઉત્તમ રોકાણ છે તે સમજાયા પછી રેકિ જીવનનો એક ભાગ બને છે. રેકિ સાધના જેમ વધે તેમ પોતાનામાં થતાં સૂક્ષ્મ ફેરફારનો ખ્યાલ આવે છે. લૌકિક જીવનમાં તર્કસંગત નિર્ણયો લેતા લેતા પ્રેમભાવ જાગૃત થાય છે અને મુરલીધર કૃષ્ણ સખાભાવથી સાથ આપે છે. જીવન પ્રત્યે સજગ દ્રષ્ટિકોણ અપનાવાય છે. 'આ હું શું કરી રહી છું." નો મંત્ર સાવચેત કરતો રહે છે.

મને લાગે છે કે ગુરુ નિયતિના રૂપમાં સાક્ષીભાવથી સતત આપણી સાથે હોય છે અને સાધના એક ચોક્કસ પડાવ પર પહોંચે ત્યારે એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે આપણા અંતરમાં ગુરુની ઓળખ સ્પષ્ટ થાય છે અને ગુરુ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. ગુરુના માર્ગદર્શન હેઠળ સાધના કરતી વખતે જીવનમાં ધરમૂળથી બદલાવ આવે છે. જાગૃતિનું ક્ષેત્ર વિસ્તરે છે. આપણે કશુંજ કરતાં નથી, આપમેળે બધુ થાય છે એ ખ્યાલ મનમાં પાક્કો થાય છે. " નિમિત્તમાત્રં ભવ સવ્ય સાચિન્ (શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૧.૩૩)" નો અર્થ બરાબર સમજાય છે. "Healing" માટે આપણે નિમિત્ત છીએ ની ભાવનાથી કૃતજ્ઞતા, ધન્યતા, અનુભવાય છે.

ક્યારેક પૂર્વ સંસ્કારોના રૂપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા અને અહંકાર જેવા ષડ્રિપુનો પ્રભાવ વધે છે. સાધના સાથે પ્રામાણિક રહીએ, ગુરુપર અડગ શ્રધ્ધા રાખીને તેમની સાથે જોડાયેલા રહીએ તો ઉદ્ભવેલી પરિસ્થિતિમાંથી બહાર આવવાનો માર્ગ ગુરુજ બતાવે છે.

પણ કમનસીબે ગુરુનો હાથ છૂટે તો સદસદ્વિવેકબુધ્ધિ પર આવરણ ચડે છે અને સર્વનાશ થાય છે. યાદ કરો, પાંડવોના જીવનનો દ્યૂતક્રીડાનો પ્રસંગ. પોતાની ભૂલ સમજ્યાં પછી અનન્યભાવથી ગુરુને શરણ થઈએ તો ગુરુમાઉલી અશક્ય ને શક્ય કરે છે. ઘણીવાર સાધનામાર્ગે આપણે આગળ વધી શકીએ તે માટે ગુરુ પોતેજ એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે, જેમ પાંડવોના જીવનમાં ૧૨ વર્ષનો વનવાસનો પ્રસંગ. રાજમહેલમાં રહીને સંપત્તિનો ભોગ ભોગવતા પાંડવો પાસે ૧૨ વર્ષના વનવાસનું તપ કરાવી લીધું. પાંડવોના અહંકારનો ધરમૂળથી નાશ થાય અને નિર્ણાયક ધર્મયુધ્ધ માટે જરૂરી એવી તૈયારી યોગ્ય પધ્ધતિથી થાય, દૈવી અસ્ત્રશસ્ત્રોનો લાભ અર્જુનને મળે એજ ભગવાન કૃષ્ણનો હેતુ હોવો જોઈએ. અર્જુનના જીવનમાં ઉર્વશીના રૂપમાં મોહનો તપોભંગનો પ્રસંગ આવ્યો પણ કૃષ્ણ જેવા મિત્ર સાથે હતા એટલે તેમાંથી મુક્ત થયા. વનવાસ પછી એક વર્ષનો અજ્ઞાતવાસ એટલે સ્વત્વને, હું કોણ છું તે ભૂલી જવું. આ સમયમાં સર્વશ્રેષ્ઠ ધનુર્ધર અર્જુનને બૃહન્નલા બનીને રહેવું પડ્યું. એવી રીતે શૂન્ય બનીએ તો જ પૂર્ણતાના છેલ્લા પડાવ પર પહોંચી શકીએ. શૂન્ય થવું એટલે આત્મા સાથે જોડાવું.

વિષ્ણુમય સૃષ્ટિ વૈષ્ણવોનો ધર્મ ભેદાભેદ ભ્રમ અમંગળ... નો અનુભવ.

સૃષ્ટિ એકજ સ્પંદનથી એક નાદથી પરિપૂર્ણ છે. હું તું એવું દ્વૈત નથી. બધા ઈશ્વરના રૂપ. અહીં જીવનના બધા સંદર્ભ બદલાય છે. ગુરૂની કૃપાથી નવી દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે અને અર્જુનની જેમ વિશ્વરૂપદર્શન થાય છે.

વિશ્વરૂપદર્શન થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, "યથેચ્છસિ તથા કરૂ (શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૮.૬૩ ) તને જે યોગ્ય લાગે તે કર. આ પડાવ પર જુદીજુદી સિધ્ધિની મોહજાળમાં ફસાવાની શક્યતા હોય છે. જે ફસાય છે, જેમનું સંતુલન રહેતું નથી તેમના માટે બધુ નષ્ટ થાય છે. જેઓ આ પડાવ પાર કરે છે તે નારાયણ થાય છે અને સમજાય છે કે -

કૃષ્ણ સાધના છે અને સાધ્ય પણ છે.
રેકિ સાધના છે અને સાધ્ય પણ છે.
ગુરુ કૃષ્ણ છે અને રેકિ પણ.

નષ્ટ મોહ: સ્મૃતિર્લબ્ધાત્વત્પ્રસાદાન્મયાચ્યુત (શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૮.૭૩)

તે પછી ગુરુ છેલ્લી લીલા કરે છે અને તેમના એક દ્રષ્ટિક્ષેપથી "આત્મદીપો ભવ"Lamp unto yourself and then light will happen ... એનો પળમાં સાક્ષાત્કાર થાય છે.

આજ સ્થિતિ અને .... અને પછી ગુરુચરણે અઢળપદ પ્રાપ્ત થાય છે.

શુભમ ભવતુ !!!

રેકિ શિબિરની બોધકથા (૪૭)



# યુસુફ અને ઉંદર

એક ગામની બહાર દૂર જંગલમાં મન્સૂર નામનો સિધ્ધ પુરૂષ રહેતો હતો.  મન્સૂર એક મહાયોગી તરીકે વિખ્યાત હતો. તેના આશ્રમમાં હંમેશા સાધકોની ભીડ રહેતી. યુસુફ નામનો એક યુવક અધ્યાત્મના આકર્ષણથી મન્સૂરના આશ્રમમાં આવ્યો. મન્સૂરે તેની તરફ ધ્યાન આપ્યું નહી. તેની અવગણના કરી. યુસુફ ત્યાંજ રહ્યો. દરરોજ આશ્રમમાં સેવા કરવી, ખાવું પીવું બસ્સ ! ગુરુ મન્સૂર તેની હાજરીની નોંધ લેતા ન હતા.

ચાર મહિના વીતી ગયા. ગુરૂ મન્સૂરના શિષ્ય બનવાનો યુસુફનો પાક્કો નિશ્ચય હતો. ચાર મહિના વીત્યા પછી એક દિવસ ગુરુએ તેને પૂછ્યું, “તું અહીં કેમ આવ્યો છે?” યુસુફે ખુશીથી કહ્યું, “ગુરુજી, મારે તમારો શિષ્ય બનવું છે. મને તમારી પાસેથી સાધનાની દિક્ષા લેવી છે. “ ગુરૂજીએ ડોક હલાવી અને એક શિષ્યને બોલાવીને કહ્યું, “જો, ત્યાં એક નાની લાકડાની પેટી (બોક્સ) મૂકેલી છે. તે જેવી છે તેવી એને આપ.” પેલો ડબ્બો યુસુફના હાથમાં આપતા ગુરુજી બોલ્યા, “જો બેટા, આ આશ્રમથી દૂર જંગલમાં એક સાધુ રહે છે. આ પેટી જેવી છે તેવી તેમની પાસે પહોંચાડવાની. તને મહેનત કરવી પડશે. ગીચ જંગલમાંથી ચાલવું પડશે. વચ્ચે કોઈ નદી આવે તો તે પાર કરવી પડશે. પણ આ પેટી ખૂબ મહત્વની છે, અને તે સાધુ સુધી પહોંચવી જરૂરી છે. આ મહત્વની જવાબદારી છે. આ કામ ફતેહ થાય ત્યારપછી હું તને દિક્ષા આપીશ. જોખમી કામ છે એટલું ધ્યાનમાં રાખ. હવે નિકળ. “શુભસ્તે પંથાનં”

યુસુફ પેલી પેટી લઈ ઉત્સાહથી નીકળ્યો. દિક્ષા મળશે તે વાતની તેને ખુશી હતી. જે વાતની તે આટલા વર્ષોથી રાહ જોતો હતો તે તેને મળવાની હતી. યુસુફ તેનો વિચાર કરતાં ઉમંગથી તેની રાહ પર નીકળ્યો. હાથમાંની નાની પેટીને સંભાળતા તે નાનામોટા પડાવ પાર કરીને આગળ ધપતો હતો. ધોમધખતી બપોરે બળતા તાપમાં તે થોડો થાક્યો અને તેને ભૂખ પણ લાગી હતી. આશ્રમમાંથી સાથે લાવેલ ભાણું જમીને થોડો આરામ કરવાના વિચારથી તે એક ઝાડ નીચે રોકાયો. હજી સુધી તે પેટીને તેને પોતાની પાસે સાચવી હતી પણ હવે તે પેટી તેને દેખાય તે રીતે તેની બાજુમાં મૂકી. અને એક પથ્થરને ઓશીકું બનાવીને આરામ કરવા લાગ્યો. પણ તે પેટીના કારણે તેને ઊંઘ આવતી ન હતી. તે પેટીની સામે જોતાં તે વિચાર કરવા લાગ્યો. શું હશે આ પેટીમાં? વજનમાં તો હલકી લાગે છે, પણ તેમાં કંઇ ખાસ વસ્તુ હોવી જોઈએ તેના વગર ગુરુએ મને આવી મોટી જવાબદારી આપી ના હોત. પણ એક મન કહેતું હતું કે હું કેમ એનો વિચાર કરું? ગુરૂજીએ જે જવાબદારી આપી છે તેને સંપૂર્ણ રીતે નિભાવવી. બીજું મન કહેતું હતું તે પેટી ખોલીને જોવામાં શું વાંધો છે કે તેમાં શું છે? તે પેટીને તાળું માર્યું નથી એટલે બહુ મહત્વનુ નહીં હોય . પેટી વજનમાં ખૂબજ હલકી લાગે છે જાણે તેમાં કશુંજ ન હોય. ફરી બંદ કરીને મૂકીશ એટલે કોઈને ખબર નહી પડે. હું  ક્યાં તેમાંથી કશું લેવાનો છું? આ વિચારો મનમાં ચાલતા રહ્યા. છેવટે બીજું મન જીત્યું. તે ઝાડની નીચે બેસીને તેણે તે પેટી ખોલી. મજાની વાત એટલે તેમાંથી એક નાનો ઉંદર બહાર આવ્યો અને

કૂદકો મારીને જંગલમાં ભાગી ગયો. યુસુફ ગભરાઈ ગયો. તે સમજી ગયો કે તે પેટીમાં ઉંદર હતો તે હવે ક્યાંથી લાવવો?સાધુને ખાલી પેટી આપવી પડશે. અને જો તેઓને ખબર હશે કે તેમાં ઉંદર હતો તો પછી તેમને એ વાતની પણ ખબર પડશે કે મેં તે પેટી ખોલી હતી. તેઓ પણ મારા પર ગુસ્સે થશે અને મારા ગુરુ પણ. પણ હવે હું શું કરી શકું?

ઉદાસ થઈને તે સાધુ પાસે પહોંચ્યો અને વિનમ્રતાથી તે પેટી પોતાના ગુરુના સંદેશ સાથે પેલા સાધુના હાથમાં આપી. સાધુ તે ખાલી પેટી જોઈને હસ્યાં, અને બોલ્યા, હવે તારા ગુરુજી તને દિક્ષા આપશે એવું લાગતું નથી. આ પેટી તેમને પાછી આપ." નિરાશ થયેલો યુસુફ પોતાના ગુરુજીના આશ્રમમાં પાછો આવ્યો. તેણે તે પેટી ગુરુજી મન્સૂરના હાથમાં આપી. હવે તેઓ પણ સમજી ગયા હતા કે શું બન્યું છે? તેઓએ યુસુફના ખભા ઉપર હાથ મૂક્યો અને બોલ્યા, "બેટા, સાધના માર્ગ પર આગળ જવા માટે પોતાના મન પર કાબૂ મેળવવો સહુથી મહત્વની વાત છે. તું પોતાના મનને કાબુમાં રાખી શક્યો નહી. એક તુચ્છ વાત માટે તું તારા પરનું નિયંત્રણ ગુમાવી બેઠો. આ નિયંત્રણ હંમેશા રાખતા આવડવું જોઈએ, એ વાત ધ્યાનમાં રાખ. પહેલા પોતાના મનને શિસ્તમાં રાખતા શીખ,અને પછી દિક્ષા લેવા આવ. અત્યારે હું તને દિક્ષા આપી શકું નહી. "

તે પછી મનને નિયંત્રણમાં રાખવાનું શિખીને ચાર વર્ષ પછી યુસુફ ગુરુ પાસે આવ્યો અને તેમની પાસેથી દિક્ષા લીધી.




# વ્હાલનો દરિયો

હેમા ભટ્ટ, જામનગર

સતત વહેતા તારા વ્હાલના વ્હેણમાં
આંખો ભીની થાય છે
લોકોને રડું છું એમ થાય છે
કોણ કોને સમજાવે આ વ્હાલ ઉભરાય છે.

ક્યારે મળે છે એ ખબર નથી પડતી મને
પણ હંમેશા સાથે રહે છે એ સમજાય છે
લોકોને રડું છું એમ થાય છે
કોણ કોને સમજાવે આ સાથ એનો જ
સહેવાય છે.

ક્યારે મળી જાઉં તારામાં એમ આ શરીરને
થાય છે
પણ મળી જ ગઈ છું તારામાં એ મને
સમજાય છે
લોકોને રડું છું એમ થાય છે
કોણ કોને સમજાવે આને જ એકરૂપતા
કહેવાય છે.

સતત તારો છાયો મારી વહારે હોય છે
એટલે જ સતત તારી સાથે આ ભીની આંખે
વાતો થાય છે
લોકોને રડું છું એમ થાય છે
કોણ કોને સમજાવે આ વ્હાલનો દરિયો
ઉભરાય છે .

રેકિ શિબિરની બોધકથા (૪૮)

# આપણને ક્યાંય પહોંચવું નથી?



રવિન્દ્રનાથ ટાગોર એટલે આધુનિક યુગના મહાકવિ . તેમના 'ગીતાંજલી ' કાવ્યગ્રંથની એક કવિતા પર આધારિત નીચેની કથા વાચકોને ગમશે.

પરમેશ્વર ક્યાં હોય છે અથવા રહે છે તે બધા માટે એક કોયડું છે. નાની વયમાં આ સવાલનો જવાબ શોધવાનો પ્રયત્ન બધાંજ કરતાં હોય છે. મને ખાત્રી છે કે નાનપણમાં મને અને તમને પણ આ પ્રશ્ને સતાવ્યા હશે. ટાગોરને પણ હંમેશા આ સવાલ થતો અને તેમને હંમેશા લાગતું કે પરમેશ્વર આકાશના તારાઓમાંથી એકપર રહે છે. પરમેશ્વરનું વાસ્તવ્ય આકાશમાં હોય છે તે બધાએ માન્ય કર્યું છે અને તેથીજ તેની યાદ આવે એટલે આપણે બધા આકાશ તરફ જોઈને હાથ જોડીએ છીએ.

ટાગોરના મનમાં આ વિચાર રમતો હતો. એક રાતે આકાશ તરફ જોતી વખતે એક તેજસ્વી તારો દેખાયો ત્યારે તેમને લાગ્યું કે ..હા ! આ તારાપર પરમેશ્વર રહેતો હોવો જોઈએ. પણ બીજે દિવસે તેમને આ તારાથી પણ તેજસ્વી, બીજો તારો દેખાયો ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેમની પહેલી સમજ ભૂલભરેલી હોઈ શકે. તેમણે બીજા તારાને સ્વીકાર્યો. હંમેશા એવું બનતું. આકાશના તારાઓમાં તેમને નિતનવા તેજસ્વી તારા દેખાતા અને તેમનો મત બદલાઈ જતો. આવી રીતે ઘણા વર્ષો પરમેશ્વરના નિવાસ સંબંધે વીતી ગયા. તેઓએ નાનપણથી યુવાનીમાં અને યુવાનીથી પ્રૌઢતા તરફ કૂચ કરી હતી. છતાંય આ વસ્તુનો અંત આવતો ન હતો. છેવટે તેઓ વૃધ્ધ થયા.

ઘડપણમાં એકવાર આકાશ નીચે તેઓ બેઠા હતા, ત્યારે તેમણે અત્યાર સુધીનો સહુથી તેજસ્વી તારો જોયો ત્યારે કોઈપણ સંશય મનમાં રહ્યો ન હતો. તેમણે નક્કી કર્યું કે પરમેશ્વરના નિવાસની શોધ ભલે પૂરી ના થઈ પણ તે તારો મળ્યો. અને તેઓ ધ્યાનમાં બેઠા. તે દિવ્ય તારાપર તેઓએ ધ્યાન કર્યું. ધ્યાનમાં તેઓ તારા સુધી પહોંચી પણ ગયા. તેમની નજર સામે પરમેશ્વરનો ભવ્ય દિવ્ય મહેલ દેખાયો. તેને સાત પગથિયાં હતા. હવે ફક્ત પગથિયાં ચડવાના હતા. ધ્યાનમાંજ તેમણે પોતાના પગના જૂતાં કાઢ્યા. ઉઘાડા પગે તેઓ મુલાયમસ્પર્શવાળાં પગથિયાં એક પછી એક ચડવા લાગ્યા. છેલ્લું પગથિયું ચડીને તેઓ પેલા મહેલના દરવાજા પાસે ઊભા રહ્યા.

હવે ફક્ત પેલા દરવાજાની ઘંટી દબાવવાની. બસ ! પછી પરમેશ્વર બારણું ખોલશે. અને ત્યારબાદ ? પોતાના બંને હાથે આલિંગન આપીને તે બાથમાં લેશે. પછી ? આપણે તે દિવ્યત્વની સોડમાં ભળી જઈશું. એવો વિચાર મનમાં આવ્યો પણ એક મોટો ભય તેમને સતાવવા લાગ્યો. તેમને ધ્રુજારી ચડી. તેમણે પોતાનો હાથ ઘંટી પરથી હટાવ્યો. તેઓ પાછા ફર્યા અને શાંતિથી પગથિયાં ઉતરીને જૂતાં પગમાં પહેર્યા અને ફરી એકવાર પરમેશ્વરને શોધવાની ઝુંબેશ શરૂ કરી.

તેમના ધ્યાનમાં આવ્યું કે પહોંચવાની કલ્પના ભલે સુંદર હોય પણ આપણે તેને પ્રત્યક્ષમાં લાવવા માગતા નથી. પ્રવાસથી કંટાળ્યા હોવા છતાંય પ્રવાસ પૂર્ણ થવાનો ડર લાગ્યા કરે છે. કારણ આપણાં માટે સાધન એજ સાધ્ય થાય છે. સામાન્ય માણસની સ્થિતિ પણ એવી જ છે. અનંતના પ્રવાસે તે નીકળ્યો છે પણ તેને અનંત સુધી પહોંચવું જ નથી. આપણી દોડને ગતિ છે પણ દિશા નથી.



# અધ્યાત્મ

## એટલે ખરેખર શું છે?

સૌ. સવિતા કર્ણિક, ઠાણે

થોડા દિવસો પૂર્વે અધ્યાત્મ વિષય પર કેટલાક વાક્યો વાંચ્યા, અને તે તમારી સમક્ષ મૂકવા જોઈએ એવું મને લાગ્યું. એટલા માટે આ લેખન પ્રપંચ.

૧) અધ્યાત્મ એટલે કોઈપણ ધાર્મિક વાત નથી.

૨) વેદ કરતાં વેદના વાંચી શકાય તે અધ્યાત્મ.

૩) પોતાનું કામ પ્રામાણિકતાથી કરતાં આવડવું તે અધ્યાત્મ.

૪) કૌટુંબિક અને સામાજિક કર્તવ્યો પૂર્ણ કરવા તે અધ્યાત્મ.

૫) નિરપેક્ષ સત્કર્મ અને નિ:સ્વાર્થ સેવાભાવ એટલે અધ્યાત્મ.

૬) સીધું, સરળ, સહેલું અને નિર્મળ હોવું, દેખાવું અને વર્તવું એટલે અધ્યાત્મ.

ખરેખર, આ બધા વાક્યો આપણી સાથે વાતો કરતાં હોય એવું લાગે છે ને? જાણે આપણાં રોજબરોજના વ્યવહારનું ગણિત જ કહેતા હોય. આ વાક્યો વાંચતી વખતે હું ભૂતકાળમાં સરી પડી, અને મને મારા સત્સંગનો પહેલો દિવસ યાદ આવ્યો. નિરૂપણ કરનારા બહેન બોલ્યા, "આપણે બીજાને સુધારવાનો પ્રત્યન કરવો નહીં. આપણે પોતાનામાં સુધારો કરવો જોઈએ. પોતાનો દ્રષ્ટિકોણ બદલવો જોઈએ. આગળ તે એવું પણ બોલ્યા કે આપણાં બાળકો આપણાં જેવા નથી હોતા. તેમનું વર્તન પણ આપણાં જેવુ નથી હોતું. આ વાત જ્યારે મેં સાંભળી ત્યારે મને પોતાને અધ્યાત્મનો અર્થ સમજવાની શરૂઆત થઈ. બાળકોએ આપણું કહ્યું માનવું જોઈએ એવું આપણને લાગે છે. તે જ્યાં સુધી આપણી વાત સાંભળે નહી ત્યાં સુધી આપણે તેને કંઈક ને કંઈક શીખવતા રહીએ છે. પણ તેના પર કોઈ અસર થતી નથી. આપણે આ બધુ જાણીએ છીએ પણ પોતાની વાત પર કાયમ રહીએ છે. ક્યાં રોકાવું જોઈએ તે આપણે સમજવું જોઈએ. આપણું બાળક સ્વતંત્ર વ્યક્તિ છે એ જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે જ આપણે રોકાઈશું. પોતાનામાં ફરક પડ્યો છે તે વાત તેમને સમજાય પછી ધીમેધીમે તેમનામા સુધારો થાય છે. એવો મારો અનુભવ છે.

વેદોનું જ્ઞાન હોય એ જ્ઞાની હોય, પંડિત હોય છે. તે બીજાને સરસ શીખવી શકે છે. તેનો ઊંડો અભ્યાસ હોવાથી તે સમાજમાં તેનું સ્થાન ટકાવી રાખે છે. પણ એજ પંડિત,જ્ઞાની, લોકોના ચહેરા પરની વેદના સમજી શકશે ખરો? તેમના દુ:ખની અનુભૂતિ તેને થઈ શકશે? તે માટે ભાવના મહત્વની છે. વેદ જે પ્રમાણે મહત્વના છે તેવી રીતે વેદના સમજવી પણ મહત્વનું છે. વેદના સમજાય એટલે વ્યક્તિ સમજાય અને પછી તેમની વેદના દૂર કરવાનો જે પ્રયત્ન કરે તે વ્યક્તિ ખરું અધ્યાત્મ સમજે છે તેવું કહી શકાય.

કુટુંબમાં રહીને, તેમની જવાબદારી ઉપાડીને તે પાર પાડવી એક કર્તવ્ય છે. માતાપિતાના ઘડપણમાં તેમની જવાબદારી લઈને, સેવા કરવી તે અગત્યનું છે. તે નિભાવતી વખતે ક્યાંય પણ 'હું મોટું કામ કરું છું' તેવું મનમાં ના આવવું જોઈએ. અહંકાર થાય તો સેવા કરવાનો કોઈ અર્થ નથી. મનથી સેવા કરીને કર્તવ્ય પૂર્ણ કરવું એજ ખરો માનવધર્મ છે. આ વાત ક્યાંય , કોઈ શીખવતું નથી પણ તેવી લાગણી હૃદયમાંજ હોવી જોઈએ. હૃદયની લાગણી જ માણસને અધ્યાત્મ શીખવે છે.

આ બધા વાક્યો વાંચીને મારા મનમાં વિચારચક્ર શરૂ થયું છે. પોતાનામાં પરીવર્તન કરવું હોય તો આ બધા વાકયોને યાદ રાખવા જોઈએ. આ બધાનો અભ્યાસ કરીએ તો આપણે હંમેશા આનંદમાં રહીશું. છેલ્લું વાક્ય જુઓ. કેટલું સરસ છે. – સીધું, સરળ, સહેલું, અને નિર્મળ વર્તન કરવું એટલે અધ્યાત્મ . આપણું મન સાફ, નિર્મળ રાખીને બીજા સાથે વાત કરવી, લાગે છે તેટલું સહેલું નથી. તપાસીને જુઓ, પોતાને શોધવાની, અંતર્મુખ થવાની જરૂર છે.

નિર્મળ વર્તન ફક્ત દેખાડવા માટે ના હોવું જોઈએ. મનથી થવું જોઈએ. મનથી એવું જો વર્તન કરી શકીએ તો આપણે અધ્યાત્મથી બહુ દૂર નથી. તે તો આપણી અંદર જ છે. જાણે આપણે અને અધ્યાત્મ હાથમાં હાથ પરોવીને ચાલતા હોઈએ એવું લાગે.

ઉપરના બધા મુદ્દાનો આપણે વિચાર કરીએ તો ધ્યાનમાં આવે કે અધ્યાત્મ વિષયનો 'હાઉ' કરવાની જરૂર નથી. તેવું આચરણ કરવાની જરૂર છે.



(લેખાંક ૧૬ )

# સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય...

એક વૃધ્ધ વૈષ્ણવ બ્રાહ્મણ પેટના દુખાવાથી ત્રસ્ત હતા. તેમણે ઘણા દિવસો સુધી મહારાજની સેવા કરી. સમર્થની સાથે દોઢસો થી બસ્સો સેવેકરી રહેતાં. આટલા બધા લોકો શું સેવા કરે? તો ત્રિકાળ દર્શન, તીર્થપ્રસાદ અને તેમની સાથે બેસવું એજ સેવા ! તેમાંથી થોડા સેવેકરીને સેવા કરવાનો મોકો મળતો, એટલે સાફસફાઇ, ખાટલો સાફ કરવો, રસોઈ કરવી, ફૂલો લાવવા, દીવાબત્તી કરવી, મહારાજ ક્યાંય જવા નીકળે એટલે તેમનો સામાન ઊચકવો, વિ. પેટના દુખાવાથી બ્રાહ્મણ ત્રસ્ત થયા. એકવાર સાખરકુવા પાસે મહારાજ બેઠા હતા. નજીક એક લીમડાનું ઝાડ હતું. તેની નીચે બેસીને બ્રાહ્મણ પ્રાર્થના કરતો હતો, તેની સામે જોઈને સમર્થ બોલ્યા, "કેમ, તારા બાપાના અમે શું થઈએ? અમારા જેવા સંન્યાસી પાસે કેમ આવે છે? " એવું બોલીને ચૂપ રહ્યા. બ્રાહ્મણ બોલ્યો, "મહારાજ, આપ વિના મને કોણ તારશે ?અનાથ પર કૃપા કરો." એવું બોલીને બૂમો પાડવા લાગ્યો. તે સાંભળીને દિનદયાળને દયા આવી અને કહ્યું, "જા, હાથીની વિષ્ઠા અને તારા માથાપરના લીમડાના પાંદડા ભેગા કરીને ખાઈ લે. તારો પેટનો દુખાવો મટી જશે. "

શ્રીની આજ્ઞા માથે ચડાવી બંને વસ્તુઓ ભેગી કરીને બ્રાહ્મણે ખાઈ લીધી. બીજે દિવસે સમર્થ ત્યાંજ હતા . ફરી તે બ્રાહ્મણે મહારાજને પ્રાર્થના કરી કે મહારાજ, લીમડાના પાન કડવા છે. તે સાંભળીને ભક્તકામકલ્પદ્રુમ ગુસ્સે થઈને બોલ્યા, "અરે, આ શાખાના પાંદડા ખા તો મીઠા લાગશે. " આહાહા !! ચમત્કાર થયો. તે ઝાડને ત્રણ શાખા હતી તેમાંથી બે શાખા કડવી અને જે શાખાને મહારાજે હાથ લગાડ્યો હતો તે મીઠી. કેટલું સામર્થ્ય !! તે ઝાડ આજે પણ છે. ઘણા લોકો તે શાખાના પાંદડા પ્રસાદ તરીકે લઈ જાય છે. અક્કલકોટ જે લોકો જઈ આવ્યા છે તેમને આ અનુભવ ખબર હશે. બ્રાહ્મણના પેટનો દુખાવો આ દવાથી થોડાજ દિવસમાં મટી ગયો.

(સંદર્ભ : અનંતકોટી બ્રહ્માંડનાયક રાજાધિરાજ અક્કલકોટનિવાસી શ્રી. સ્વામી સમર્થનું ચરિત્ર વ આઠવણી – પ્રકાશક શ્રી. ન. ન. ઝૂરળે . પૃષ્ઠ ૪૪-૪૫)



(લેખાંક ૧૭ )

# સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય...

## સ્ત્રીનું બાળક જીવતું કર્યું

કોઈવાર દીન ભક્તપર કૃપા કરીને મહારાજ પ્રાણદાન આપતા. રાવન્નાની વાર્તા આપણે જોઈ. એકવાર અક્કલકોટ સંસ્થાનના એક ગામની સ્ત્રીનું બાળક અસ્વસ્થ થવાથી તે સ્ત્રી પોતાના બાળકને લઈને શ્રી સ્વામી સમર્થ પાસે આવી. સ્વામીના ચરણોપર મૂકવા માટે તેણે બાળકના મોઢાપરથી વસ્ત્ર હટાવ્યું અને જુએ છે તો બાળક મૃત્યુ પામ્યાનું જણાયું. પછી તેણે અપરંપાર શોક કર્યો. શ્રી સ્વામી સમર્થને પ્રાર્થના કરીને કહેવા લાગી, "મહારાજ, ઘરે જાતજાતની દવા કરી પણ બાળકને ફાયદો ન થતાં શ્રીચરણ પાસે લાવી, ત્યારે આ ઘટના બની. મારુ પ્રારબ્ધ કહેવાય. ભગવાનના દર્શને જતા મંદિર નીચે દબાઈને મૃત્યુ થવું, અથવા વાઘના ડરથી ગાય ભાગતા યવનના હાથમાં આવીને તેનું મૃત્યુ થાય તેવી મારી સ્થિતિ થઈ. " આવી જાતજાતની વાતો કરીને શ્રી ને પ્રાર્થના કરી. દયાર્ણવ શ્રી સ્વામી તેનો વિલાપ જોઈને દ્રવી ઉઠ્યા. મહારાજ તેમના આસનપરથી ઊભા થઈને તે સ્ત્રી પાસે ગયા અને "લાવ તારું બાળક મારી પાસે" તેમ બોલતા તે સ્ત્રી પાસેથી બાળકને લઈ લીધું. બાળકનું નીચે મોઢું અને ઉપર પગ એમ પકડીને ગોળગોળ ફેરવવા લાગ્યા. ત્યાં એક ઘોડો ઊભો હતો, તેના મોઢાને બાળકનો સ્પર્શ કરાવીને મહારાજે તેને કહ્યું, "હે ઘોડા .. તું....નું બાળક ખા. " એવું બોલીને મહારાજે તે બાળકને રસોઈ માટે જ્યાં સગડી બનાવવા ખોદયું હતું ત્યાં બાળકને ફેંકી દીધો. તત્ક્ષણે બાળક જીવતું થયું અને રડવા લાગ્યું. સ્ત્રીએ બાળકને સ્તનપાન કરાવ્યું. તેની આંખમાથી આનંદાશ્રુ વહેવા લાગ્યા. શ્રી સમર્થને શરણે જઈ તેણે અને બીજા ભક્તોએ સ્વામી મહારાજનો જયજયકાર કર્યો.

**(સંદર્ભ : અક્કલકોટ નિવાસી સ્વામી મહારાજ યાંચે ચરિત્ર, (કૈ.ગણેશ બલ્લાળ મૂળેકર ) પૃષ્ઠ – ૧૦૧-૨ )**

# સ્વામી વિવેકાનંદ અને ધ્યાન

(લેખાંક ૧૦)

**અનુવાદક : શ્રી પ્રાંજલ જોશી, પુણે**




**પ્રશ્ન : વેદાંતનું જ્ઞાન કેવી રીતે મેળવવું?**

**સ્વામી વિવેકાનંદ** : શ્રવણથી , પરીક્ષણથી અને ધ્યાનથી સદ્‌ગુરુપાસેથી જે જ્ઞાન મળે તેના શ્રવણથી. કોઈ વ્યક્તિ, શિષ્ય ન હોય પણ સાધક હોય તો સદ્‌ગુરુનો ઉપદેશ શ્રવણ કરીને મોક્ષપદ મેળવી શકે છે.

**પ્રશ્ન : ધ્યાન ક્યાં કરવું –શરીરની અંતર્ગત કે બાહ્ય? મનને કંઈ દિશાએ વાળવું અંદર કે બહારની તરફ?**

**સ્વામી વિવેકાનંદ** : આપણું ધ્યાન હંમેશા અંતર્ગત હોવું જોઈએ. મનને તે માનસિક સ્તર પર પહોંચવા માટે ઘણો સમય લાગશે.

હવે આપણો સંઘર્ષ ફક્ત શારીરિક સ્તરનો જ છે. જ્યારે આપણે શારીરિક આસનમાં સ્થિરતા મેળવીએ છે, ફક્ત ત્યારે જ મનના સંઘર્ષની શરૂઆત થાય છે. આસનોપર વિજય મેળવીએ એટલે આપણી ઈન્દ્રિયો સ્થિર થાય છે અને આપણે ઈચ્છીએ એટલો સમય સ્થિર બેસી શકીએ.

**પ્રશ્ન : ઘણીવાર સાતત્યથી જાપ કર્યા પછી થાક લાગે છે. ત્યારે તે જાપ ચાલુ રાખવો કે એકાદ સુંદર પુસ્તક વાંચવું?**

**સ્વામી વિવેકાનંદ** : જાપથી થાક લાગવાના બે કારણ હોઈ શકે. ઘણીવાર આપણું મગજ ખૂબ કામ કરે તો થાકી જાય છે અને ઘણીવાર આપણી અંદરની આળસુ વૃત્તિનું પરિણામ હોય છે. જો પહેલું કારણ હોય તો થોડીવાર જાપ બંધ કરવો કારણકે ત્યારપછી પણ જાપ ચાલુ રાખીએ તો મનમાં મૂંઝવણ પેદા થઈ શકે છે અથવા મન વિક્ષિપ્ત થઈ શકે છે. પણ જો બીજું કારણ હોય તો મનને જબરજસ્તીથી જાપ કરવા પ્રવૃત્ત કરવું જોઈએ.

**પ્રશ્ન : મન જો ભટકતું હોય તો જાપ સાધના લાંબો સમય ચાલુ રાખવી જોઈએ ?**

**સ્વામી વિવેકાનંદ** : હા, જેમ ઘણા લોકો ઘેલા ઘોડાને કાબુમાં રાખવા તેની પીઠપર જીન બાંધી રાખે છે.

**પ્રશ્ન : પ્રાર્થનાનું સુપરિણામ શું?**

**સ્વામી વિવેકાનંદ** : પ્રાર્થનાથી આપણી આંતરિક સુપ્ત શક્તિ સહજતાથી જાગૃત થાય છે અને એ જો સભાનતાથી કરી શકીએ તો બધી મનોકામના પૂર્ણ થાય છે, પણ એ જો અજાણતા થાય તો કદાચ દસમાંથી એકાદ ઈચ્છા પૂરી થાય.

**પ્રશ્ન : તમે ભક્તિયોગ ગ્રંથમાં એવું કહ્યું છે કે નબળા શરીરનો વ્યક્તિ યોગસાધના કરે તો તેની તીવ્ર પ્રતિક્રિયા થાય છે, તે વખતે શું કરવું?**

**સ્વામી વિવેકાનંદ** : સ્વાત્મજ્ઞાન પ્રાપ્ત કરતી વખતે જો મૃત્યુ થાય તો શું કરી શકાય ! શીખવાનો પ્રયત્ન કરતી વખતે માણસને મૃત્યુનો ડર હોતો નથી, અને ધર્મ માટે મરણ આવે તો શેનો ડર?

# સ્વામી વિવેકાનંદ અને ધ્યાન

(લેખાંક ૧૧)

અનુવાદક : શ્રી પ્રાંજલ જોશી, પુણે



## અનુભવ અને પ્રચિતી

**સ્વામીજી:** દક્ષિણેશ્વર મંદિરના બાગમાં એક દિવસ શ્રી રામકૃષ્ણે મારા હૃદયચક્રને સ્પર્શ કર્યો અને પહેલીવાર મને બધા ઘર, ઓરડા, દરવાજા, બારીઓ, ઓસરીસાથે વૃક્ષો, સૂર્ય, ચંદ્ર, બધુ ઉડતું દેખાયું. જોતજોતામાં તે બધાના ટુકડે ટુકડા થયા અને છેલ્લે રહ્યા ફક્ત આણું-રેણું. તે પણ આકાશમાં સમાઈ ગયા. ધીમેધીમે આકાશ પણ અદ્રશ્ય થયું. તેની સાથે મારા અહંને ભુલાઈ જવાયો. ચેતના પણ વિલાઈ ગઈ. આગળ શું થયું તે મને યાદ નથી. શરૂઆતમાં હું ખૂબ ગભરાઈ ગયો હતો. તે અવસ્થામાંથી બહાર આવ્યો અને તરત ઘર, દરવાજા, બારીઓ દેખાવા લાગી. વરાંડા અને બીજી વસ્તુઓ પહેલાની જેમ દેખાવા લાગી. આવો અનુભવ બીજીવાર અમેરિકાના એક સરોવરના કાંઠે બેઠો હતો ત્યારે આવ્યો.

**શિષ્ય:** મગજમાં ખરાબી આવવાથી અથવા ભ્રમિતપણાથી પણ આવી અવસ્થા આવી શકે છે, એવું નથી લાગતું? આ અવસ્થાથી અથવા અનુભવથી આનંદ કેવી રીતે પ્રાપ્ત થશે તે મને સમજાતું નથી!

**સ્વામીજી:** આ અવસ્થાને મગજની ખરાબી અથવા તરંગીપણું કેવી રીતે કહી શકાય? કારણકે આવો અનુભવ લેનાર વ્યક્તિ ના કોઈ રોગથી અથવા માનસિક બીમારીથી પીડાયેલો છે ના તો તેણે મદ્યપાન જેવા અંમલી પદાર્થોનું સેવન કર્યું છે ના તો તેણે તાંત્રિક વિધિ (અથવા જુદાજુદા પ્રકારના શ્વાસોચ્છશ્વાસના વ્યાયામ દ્વારા નિર્મિત) કરેલી આ સ્થિતિ છે. સંપૂર્ણ સ્વસ્થ, નીરોગી અને વ્યવહારનું જ્ઞાન હોય એવા માણસે મેળવેલો આ અનુભવ છે. એનાથી વધારે અગત્યનું કે આ અનુભવ વેદાંતમાં વર્ણન કરેલ પ્રચિતી સાથે સંપૂર્ણ સુસંગત છે. તેમજ પ્રાચીન ઋષિમુનિએ અને આચાર્યોએ સાક્ષાત્કારના અનુભવનું જેવુ વર્ણન કર્યું છે તેની સાથે બંધ બેસતું છે.

## વૈરાગી કેવી રીતે થવાય?

વૈરાગ્યભાવના અભાવથી બધા દુ:ખોનું નિર્માણ થાય છે. તેથી, મનને કેન્દ્રિત કરવાની શક્તિ વિકસાવવાની સાથે, આપણે વૈરાગ્યની શક્તિ પણ મેળવવી જોઈએ. મનને સંપૂર્ણ કેન્દ્રિત કરવા માટે, બાકી બધુ ભૂલીને ફક્ત એક વસ્તુ અથવા ધ્યેયપર ધ્યાન કેન્દ્રિત કરવું જેટલું જરૂરી છે તેટલુંજ અગત્યનું એક ક્ષણમાં તે વસ્તુ કે ધ્યેયથી ધ્યાન હટાવીને બીજી વસ્તુ કે ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવું છે.

સંપૂર્ણ એકાગ્રતા અને વૈરાગ્ય એ બંને શક્તિને એક સાથે વિકસિત કરવી તે જ સાચી કળા છે. તેથી મનનો ક્રમબધ્ધ રીતે વિકાસ થાય છે. મનની એકાગ્રતામાં શિક્ષણનો સાર છે. જ્ઞાનનો અથવા માહિતીનો બોજો સાચવવો તેને શિક્ષણ ન કહેવાય. મને જો કોઈ શાળા કોલેજમાં ફરી ભણવાનું કહે અને તે કેવી રીતે ભણવું તેનો અધિકાર પણ આપે તો હું એ જ કરીશ. હું મનને કેન્દ્રિત કરવાની અને વૈરાગ્યની શક્તિનો ક્રમબધ્ધ વિકાસ કરીશ. અને એક વાર એ સાધ્ય થાય પછી બસ! મને જેવા જોઈએ તેવા તથ્યો, માહિતી અથવા જ્ઞાનનું સંકલન કરી શકીશ.

આપણે પોતાની મરજીથી વિષય અથવા વસ્તુઓ તરફ ધ્યાન આપવું જોઈએ, તે આપણું ધ્યાન ખેંચે અથવા તેમનામાં

ગૂંચવાઈ જવાય એવું ના થવું જોઈએ. સામાન્ય રીતે એવું બને છે કે જુદીજુદી વાતોમાં (વિષય અથવા વિષયવાસના) આપણે ફસાઈએ છીએ, તેમની તરફ ધ્યાન દોરાય છે. આપણે તે મોહજાળમાં ફસાઈએ છીએ, તેમાંથી બહાર નથી આવી શકતા.

મનનો સંયમ રાખવા માટે અને આપણી મરજી મુજબ (મનની મરજીથી નહી) ના વિષયપર ધ્યાન કેન્દ્રિત કરવા આ રીતના પ્રશિક્ષણની જરૂર હોય છે.

**<u>મનનો અભ્યાસ કેવી રીતે કરશો?</u>**

અનિયંત્રિત અને અસમાધાની મન આપણને નીચે ખેંચે છે. વિષયવાસનામાં ફસાવે છે. આપણી સાત્વિકતાને ઓછી કરે છે. પણ એજ મન જો નિયંત્રિત હોય, તેને યોગ્ય દિશા મળે તો તે આપણને મુક્તિ તરફ લઈ જાય છે. મુક્ત કરે છે.

કોઈપણ ભૌતિક સિધ્ધાંતનો અભ્યાસ અને તેને તપાસવા માટે, ઘણી માહિતીનું સંકલન કરવામાં આવે છે. પછી તેની પાછળના તથ્યોનો અભ્યાસ કરાય છે. તેનું વિશ્લેષણ કરાય છે. તેના પરિણામ સ્વરૂપે એક વૈજ્ઞાનિક સિધ્ધાંત લોકો સમક્ષ મૂકવામાં આવે છે. વિજ્ઞાનનું રહસ્ય નવા સ્વરૂપે ઉકેલાય છે. પણ મનનો અભ્યાસ અને તેનું વિશ્લેષણ કરતી વખતે બહારની કોઈ માહિતીની જરૂર પડતી નથી. મનનું વિશ્લેષણ મન દ્વારા જ કરવું પડે છે અને તેની આ વિશેષતાને લીધે 'માનસશાસ્ત્ર' એ સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન છે.

માનવી અસ્તિત્વનો મહત્વનો ભાગ એટલે 'આત્મા'. તે ત્યાંજ છે. આપણે મનને અંતર્મુખ કરીને તેને આત્મા સાથે એકરૂપ કરવું અને પછી મનના આ ખેલને આત્માના દ્રષ્ટિકોણથી જોવું. એવું બધાંજ કરી શકે છે.

મનને નિયંત્રિત (અથવા સંયમિત) રાખવા માટે આપણું અવચેતન મનમાં ઊંડે ઊતરવું જરૂરી છે. ત્યાં આપણે પોતે સંગ્રહ કરેલા સંસ્કાર, વૃત્તિ, વિચારનું વિશ્લેષણ કરો, તેનું વર્ગીકરણ કરો અને અનુક્રમ નક્કી કરો. તેમને નિયંત્રિત કરો. આ પહેલું પગથિયું છે. અવચેતન મનના નિયંત્રણ દ્વારા આપણે ચેતન મન (conscious mind) પર નિયંત્રણ મેળવી શકીએ છે.

## આશ્રમવાર્તા

### જી.એસ.એફ.સી. વડોદરા ખાતે ગુરુજીના વ્યાખ્યાન

૧૧ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ વડોદરાની ખ્યાતિપ્રાપ્ત જી.એસ.એફ.સી.જેવી મોટી કંપનીમાં ગુરુજીના બે વ્યાખ્યાન થયા. તેમાંથી પહેલું જી.એસ.એફ.સી.ની શાળામાં અંદાજે ૮૦ શિક્ષકોનું પ્રશિક્ષણ સવારે થયું. વટવૃક્ષની નીચે બેસીને ગુરૂજીએ શિક્ષકોનું લીધેલું પ્રશિક્ષણ શિબિર અનેરું હતું. ૩ કલાક ચાલેલા આ શિબિરને શિક્ષકોનો પ્રચંડ પ્રતિસાદ મળ્યો. અને ગુરુજીના એવા શિબિર હંમેશા થવા જોઈએ એવો હઠ શિક્ષકોએ વ્યવસ્થાપન સામે કર્યો છે.





બપોરના સમયે તે કંપનીના મહિલા ક્લબ સંસ્થાના મહિલા સદસ્યો માટે મહિલાઓના પ્રશ્નો અને રેકિ ના વિષયપર પ્રબોધન કરવામાં આવ્યું.



### સંપૂર્ણ રુદ્રાધ્યાયના ઓનલાઈન વર્ગો શરૂ:

ગુરૂજીએ જાતે પહેલ કરીને આપણાં સાધકોને સંપૂર્ણ રુદ્રાધ્યાય આવડે તે હેતુથી નવો ઉપક્રમ શરૂ કર્યો. ૧૧૩ નવા (રુદ્ર ન શિખેલા) અને ૭૭ જૂના રુદ્ર પાઠક આ ઉપક્રમમાં સામેલ થયા છે. આ ઉપક્રમમાં ફક્ત નમક અને ચમક ન લેતા રુદ્રાધ્યાયના પાંચ મુખ જેમને કહેવાય – ન્યાસ , નમક, ચમક, ઉપાસના અને શાંતિપાઠ એમ પાંચેય પધ્ધતિથી રુદ્રાધ્યાય શીખવવામાં આવશે. આ વર્ગો ૨૬ જાન્યુઆરીથી શરૂ થયા છે અને અંદાજે મહાશિવરાત્રિ સુધી ચાલશે.

# એક શિષ્યની ગુરુ પ્રત્યે શ્રધ્ધા

- સંધ્યા રાણા, વડોદરા



જ્યાં સુધી એક શિષ્ય પૂર્ણ શ્રધ્ધા અને સમર્પણ ભાવે ભક્તિ કરતો નથી ત્યાં સુધી ગુરુની કૃપા થતી નથી. એક સાચા સિધ્ધ ગુરુ પોતાના શિષ્યની યોગ્યતા જોઈને તેને દિક્ષા મંત્ર આપે છે. માથા ઉપર હાથ રાખીને તેની ચેતનાને જાગૃત કરે છે. તેના પ્રત્યે અમી દ્રષ્ટિ રાખે છે. પોતાનો શિષ્ય ગમે એટલો દૂર હોય પરંતુ તેની પ્રાર્થના સાંભળીને સૂક્ષ્મ યા પ્રત્યક્ષ રૂપે અથવા સપનામાં આવીને તેની મદદ કરે છે. ગુરુજીએ પોતે સિધ્ધ કરેલો મંત્ર શિષ્યને આપીને તેમનો આંતરનાદ શિષ્યમાં રેડે છે. આથી સાધકે સદ્‌ગુરુની શરણાગતિ માટે શ્વાસે શ્વાસે દત્તનામ રાખીને પોતાના કુટુંબ સાથે ગુરુની આરાધના કરતાં કરતાં આખું જીવન ગુરુજીને નૈવેદ્ય તરીકે સમર્પણ કરવું જોઈએ.

એક સાચા ગુરુજી સાધકને મોક્ષ માર્ગે પહોંચાડવા માટે બધીજ રીતે તૈયાર હોય છે. ગુરૂજીએ આપણને, દરેક સાધકને રેકિ સાધના, સ્વામીભક્તિ ,રુદ્રપઠન , ગુરુચરિત્રનું પઠન, એ બધુ મોક્ષ માર્ગે આગળ વધવા માટે શીખવાડયું છે.

ગુરુચરિત્રના એક અધ્યાયમાં ગુરુજી તેમના શિષ્યની પરીક્ષા લેવા માટે એક પ્રયત્ન કરે છે. તે શિષ્યને લઈને નદીકિનારે જાય છે, અને વાર્તાલાપ કરે છે. પછી શિષ્યને કહે છે કે મને ઠંડી લાગે છે, તું ગામમાંથી અગ્નિ લઈ આવ. શિષ્ય ગામમાં જઈને એક વાસણમાં અગ્નિ લઈને આવે છે. ત્યારે તે સમયે ખૂબ વરસાદ પડતો હતો અને વાવાઝોડા સાથે પવન ફૂંકાતો હતો. આવા તોફાનમાં અગ્નિનું સળગતું રહેવું એ શક્ય ન હોય . પરંતુ આનો અધ્યાત્મિક અર્થ એ થાય છે કે સાધકે પોતાના ગુરુ ઉપર શ્રધ્ધા રાખીને , પોતાના આત્માનો દીવો પ્રગટાવીને આગળ વધે તો દરેક કાર્ય શક્ય બને છે. ગુરૂજીએ કહ્યું કે અગ્નિ લેવા જાય ત્યારે આજુબાજુ જોતો નહી, છતાંય એ સાધક આજુબાજુ જોવે છે કે તેની સાથે બે ફણીધર સર્પો આવતા હતા. ગભરાઈને તે જંગલ બાજુ દોડ્યો અને તેનું મન ડગમગવા લાગ્યું. અને તે ગુરુનું સ્મરણ કરવા લાગ્યો. અને ગુરુજી પાસે આવ્યો ત્યારે ગુરુજીએ કહ્યું કે, ગભરાઈશ નહી કારણ કે આ બંને સર્પો મેં તારી રક્ષા કરવા માટે મોકલ્યા હતા. આના પરથી એ સમજાય છે કે સાધકે ભક્તિના માર્ગે આગળ વધવા માટે પોતાના ગુરુના વાક્ય પર શ્રધ્ધા રાખીને આજુબાજુ વાતોમાં ધ્યાન આપ્યા વગર મનમાં પોતાના ગુરુનું સ્મરણ કરતાં આગળ વધવું. કારણકે ભક્તિ અને સાધનારૂપી બે સર્પો આપણી રક્ષા માટે ગુરૂજીએ રાખેલાંજ છે.

એક નાનો બાળસાધક કશુંજ ના બનાવતા આવડતું હોવા છતાં ગુરુજીની ઈચ્છા પૂરી કરવા પૂરી શ્રધ્ધા સાથે જંગલમાં ગયો. ત્યાં તેને તપસ્વી મળ્યા. અને તેમના કહેવાથી કાશીયાત્રા કરી. અને શંકર ભગવાનને પ્રસન્ન કરીને વિશ્વકર્મા બનવાનું વરદાન મેળવ્યું. ગુરુજી પ્રત્યેની સાચી ભક્તિ શું નથી કરી શકતી. એ તમારા દરેક કાર્યો સફળ કરે છે. જેવી શ્રધ્ધા હશે તેવું ફળ મળશે.

**કવિતા :**

ગુરુજી મારે કંઇ કહેવાનું ન હોય
અંદર બહાર બધે તમે જ છો
કોની છું, કેવી છું એ તો તમારે જોવાનું
મારે શું કહેવાનું ?
ઘણું કર્યું છતાં કાંઇજ નથી કર્યું
મારા દરેક કાર્યો માં તમારે સાથે રહેવાનુ
ગુરુ છે મારા , હું છું ગુરુની એ એકજ વાક્ય બોલવાનું
હું છું તારો, તું છે મારો , એ ગુરુજી તમારી પાસેથી સાંભળવું છે
જીવું છું જે જીવન , આજ એકમાત્ર તમારી આશાએ
હસતાં રમતા બસ તમારાજ ગુણ સાંભળવા છે
એક ધ્યેય તણા સાર રૂપે માત્ર મળવાનું છે
સોહમ – સોહમ પ્રાણાયામ મંત્ર જપતાં જપતાં અંતે તો
આત્મા બનવાનું છે



# પ્રકૃતિવન

## કુદરતને સમર્પિત એક જંગલ

### (મૂળ અંગ્રેજી લેખ : યામિની કુટુંબળે)

માણસને જેની જરૂરિયાત છે તે બધુંજ મુબલખ પ્રમાણમાં કુદરતની પાસે છે. ભૌતિક વસ્તુઓની લાલચને લીધે માનવે કુદરતને હળવાશમાં લીધી છે. પોતાના સ્વાર્થખાતર, ભૌતિક અસીમિત જરૂરિયાતોને પહોંચી વળવા માનવે જંગલોનો સર્વનાશ કર્યો. આ બધી કડાકૂટમાં પશુપક્ષીઓ અને બીજા સજીવોને રહેવા માટે જરૂરી એવા જંગલોનો વિનાશ થવાને લીધે તેમની પ્રજાતિઓ લુપ્ત થવા લાગી. મનુષ્યે ખેતી, પાયાની જરૂરિયાતો, ઘરો બાંધવા માટે જંગલોનો નાશ કર્યો, જે જંગલોનો સહારો લઈને મૂક પશુ પક્ષીઓ, અને બીજા સજીવો જીવતા હતા. એટલે આપણે જંગલો અને તેની સાથે બીજા સજીવ, કુદરત બધાની કાળજી લેવી જોઈએ. આ વિશ્વ સુંદર છે કારણ કે પૃથ્વીપરના બધા સજીવ, પશુપક્ષી, માનવ એકબીજા સાથે રહે છે.

માણસનો સ્વાર્થી અતિરેક નીચલા સ્તરે પહોંચ્યો છે. તેને લીધે કુદરત અને તેની સુંદરતાને નુકસાન થયું છે. 'નોવેલ કોરોના વાયરસ' ને લીધે એ વાતનું ભાન થયું. તેમાંથી માણસને બહુ મહત્વની શિખામણ મળી છે. તહેવારોના દિવસોમાં શહેરમાં ઝેરી ધુમાડો વ્યાપેલો હોય છે. ટ્રાફિક જામ, કારખાનાઓમાંથી બહાર નીકળતો ધુમાડો આપણા માટે નવો નથી. જ્યારે લોકો ઘરમાં પુરાયેલા હતા, ત્યારે માણસની લાલચના અતિરેકથી સર્જાયેલા વિનાશથી કુદરત પોતાને સંભાળી રહી હતી. જ્યારથી લોકડાઉનનો અમલ થયો, એટલે માર્ચની મધ્યમાં, જે કુદરતી સુંદરતા નિહાળવા આપણે સૌ તરસી રહ્યા હતા તે સ્વચ્છ વાદળી આકાશ આપણને જોવા મળ્યું.

'પ્રકૃતિ વન '– વન વિકસિત કરીને કુદરતને અર્પણ કરવાની આ એક કલ્પના છે. એવી જગ્યા જ્યાં મનુષ્યે પ્રવેશ કરવો નહીં. આ જગ્યા માણસ સિવાય બધા સજીવો માટે છે. એવી જગ્યા જ્યાં પશુપંખી સ્વતંત્ર રીતે જીવી શકે. પ્રાચીન કાળમાં આવા વનને 'દેવ-વન'પણ કહેવામા આવતું.

કુદરતને હવે થોડાક છોડ કે વૃક્ષો કરતાં લીલાંછમ ગીચ જંગલોની જરૂરિયાત છે. ડો.અકીરા મિયાવાકી ( જાપાનના વનસ્પતિશાસ્ત્રી) એ તેમના પ્રદેશમાં કુદરતી વૃક્ષોથી નિર્મિત એવા સ્થાનીય ભૂ-ભાગનો અભ્યાસ કર્યો. ૩૦ વર્ષ કરતાં વધુ સમય અભ્યાસ કરીને તેઓએ વૃક્ષારોપણની એક નવી પધ્ધતિ વિકસાવી. જેમાં કુદરતી મૂલદ્રવ્યો અને જૈવિક વિવિધતા પણ ટકાવી શકાય અને તે પણ ફક્ત થોડા સમયમાં. મિયાવાકી પધ્ધતિનું આ વૃક્ષારોપણ જેમાં ગીચતાના અનેક સ્તરનું નિર્માણ કરવા માટે સ્થાનીય પ્રજાતિનો ઉપયોગ કરવામાં આવે છે. મિયાવાકી પધ્ધતિમાં ઓછામાં ઓછી જગ્યામાં વધારામાં વધારે છોડ રોપવામાં આવે છે. એમાં વૃક્ષોની એકબીજા સાથે હરીફાઈ અને મૈત્રીપૂર્ણ વ્યવહારને પ્રોત્સાહન આપવામાં આવે છે. ગીચ જંગલો, તાપમાન ઓછું કરવાં માટે, જમીનની ફળદ્રુપતા વધારવા માટે, સ્થાનીય વન્યજીવોનું સંરક્ષણ અને કાર્બનડાયઓકસાઈડનું પ્રમાણ ઓછું કરવા માટે લાભકારક છે.

મિયાવાકી પધ્ધતિ એટલે સ્થાનીય વૃક્ષોની વાવણીમાંથી નિર્માણ પામેલું સ્થાનીય જંગલ. ફક્ત ૨૦ થી ૩૦ વર્ષના સમયમાં એક સમૃધ્ધ, ગાઢું, સ્વ-સંરક્ષણ માટે કાર્યશીલ જંગલનું નિર્માણ થઈ શકે છે. વિશ્વના સહુથી ગીચ જંગલોમાં ૧૦૦૦ ચો.ફૂ. વિસ્તારમાં ૩૦૦૦ થી ૫૦૦૦ વૃક્ષો હોય છે. એટલે દરેક ચો.ફૂ. દીઠ ૩ થી ૫ વૃક્ષો. આપણે પણ ૧૦૦ ચો.ફૂ.ના વિસ્તારમાં ૩૦૦ થી ૫૦૦ વૃક્ષોનો ઉછેર કરીને જંગલનું નિર્માણ કરી શકીએ. આ જંગલમાં સશક્ત પશુઓ અને વનસ્પતિ વિકસિત થઈ શકે છે. વિશ્વના જુદાજુદા વિસ્તારોમાં આ પધ્ધતિ સફળતાપૂર્વક અંમલમાં આવી છે. થોડા સમયમાં આ જંગલો પોતે ટકી શકે છે. એટલે આપણને બહુ વર્ષો સુધી તેમનો ઉછેર કરવો પડતો નથી, જેમ કે પાણી આપવું વિ. ઈ.સ.૨૦૧૫ માં 'વોશિંગ્ટન પોસ્ટ 'નામના સમાચારપત્રમાં એક લેખ છપાયો હતો,'કુદરતનો અભ્યાસ'. 'Nature' અંગ્રેજી વૈજ્ઞાનિક દૈનિકોમાંથી એક સન્માનનીય દૈનિક છે. તેના મુજબ ભારતમાં દરેક વ્યક્તિદીઠ ફક્ત ૨૮ વૃક્ષો છે. અને એનું સર્વાધિક પ્રમાણ કેનેડામાં છે. જ્યાં વ્યક્તિદીઠ ૮૯૫૩ વૃક્ષો છે. ભારતમાં દરેક ચો.કી.મી. માં ૧૧,૧૦૯ વૃક્ષો છે. તો ફિનલેંડમાં આ પ્રમાણ દરેક

ચો.કી.મી. દીઠ ૭૨,૬૪૪ વૃક્ષો છે. ૨૦૧૭ માં 'ગ્રીનપીસ ઈન્ડિયા' નામની સંસ્થાએ એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો કે, ભારતમાં દરવર્ષે ૧૨ લાખ લોકોનું મૃત્યુ પ્રદૂષણને લીધે થાય છે. દિલ્હી ભારતનું સહુથી વધારે પ્રદુષિત શહેર છે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ મંડળે સંપૂર્ણ ભારતમાં હવા પ્રદૂષણની ગુણવત્તાનું મૂલ્યાંકન કર્યું. તેમાં ૧૬૮ શહેર, ૨૪ રાજ્યો અને સંઘટન પ્રાંત સામેલ હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન (WHO) સંસ્થાએ નક્કી કરેલ માપદંડોનું પાલન આ ૧૬૮ માંથી એકેય શહેર કરતું નથી.

મિયાવાકી જંગલ અથવા પ્રકૃતિવન કોઈપણ રીતે કુદરતી જંગલોનો વિકલ્પ નથી. વૃક્ષ અને જંગલોને કાપીને નાશ કરવાના કાર્યનું સમર્થન કરવા માટે આ વનોનો ઉપયોગ થવો ના જોઈએ. કુદરતી જંગલમાં પુષ્કળ પ્રમાણમાં ગુણ,સમૃધ્ધ કુદરતી પ્રણાલી (ecosystem)હોય છે. તેનો વિકલ્પ હોઇ શકે નહી. જૂના જંગલો હજારો વર્ષ જૂના છે. તેમને પુનર્સ્થાપિત કરવા શક્ય નથી. જે વનો છે તેમનેજ પુનર્સ્થાપિત કરવા કરતાં 'પ્રકૃતિવન' નવા જંગલો નિર્માણ કરવાનો એક પ્રયત્ન છે.

આજ સમય છે જ્યારે આપણે બધાએ આ વસ્તુનો ગંભીરતાથી વિચાર કરીને ભવિષ્યની દ્રષ્ટિએ સક્રિય પગલાં લેવા જોઈએ. આપણે જો પહેલાની જેમ કુદરતને હળવાશમાં લઈશું અને ગાફેલ રહીશું, પ્રદૂષણ વધારતા રહીશું તો અપેક્ષા કરતા વહેલા કુદરતનો કેર અને તેની સાથે માનવતાનો વિનાશ જોવાનો વારો આવશે. વૃક્ષારોપણ, પ્રદૂષણ મુક્તિ, જીવનધોરણમાં બદલાવ એવા નાના પગલાથી જો આ પરિસ્થિતિમાં ફેર પડતો હોય તો તેવો પ્રયાસ કરવો આપણું કર્તવ્ય છે.

આ દિવાળીએ મને એક સુંદર 'પ્રકૃતિવન' જોવાનો લ્હાવો મળ્યો. જે શ્રી.સર્વજીત પરાંજપેજીએ તેમના 'હોમા થેરેપી ગૌશાળા, મહેશ્વર ખાતે વિકસિત કર્યું છે. આ વનને પ્રત્યક્ષ જોઈને, તેની માહિતી મેળવ્યા પછી હું અભિભૂત થઈ. આ વનની નાની ૫*૫ ચો.મી. ની પ્રતિકૃતિ આશ્રમમાં પણ મૂકેલી છે. ૧૨ જુલાઇ ૨૦૧૭ થી ૩૦૦ થી વધારે સ્થાનીય તેમજ આશ્રમમાં ઉછરી શકે તેવા વિવિધ ૨૫ જાતના વૃક્ષો વાવીને વનનું નિર્માણ તેમણે કર્યું છે. ૨ વર્ષ પછી ૨૦૧૯ માં 'પ્રકૃતિવન'સંપૂર્ણ રીતે વિકાસ પામ્યું છે.

(સંદર્ભ : શ્રી સર્વજીત પરાંજપે, ફાઇવફોલ્ડ પાથ મિશન, મહેશ્વર, મધ્યપ્રદેશ)





# પુણ્ય માર્ગે ચાલવાની કોઈ નથી ઉંમર હોતી...

ધારા રાણા, વડોદરા

ગુરુચરિત્રનાં અધ્યાય ૧૨ માં જે વાર્તા આપેલી છે તે મુજબ જ્યારે બાળકને જનોઇનું બંધન થતાં ત્રણ વેદ ઉચ્ચારે છે. ત્યાર બાદ બાળક તેની માતાને સંન્યાસ માટે જવા વિનવે છે. પણ ત્યારે તેમની માતા કહે છે કે બાળપણમાં સંન્યાસ લેવો યોગ્ય નથી. તેમની માતા કહે છે કે ધર્મશાસ્ત્રમાં આલેખાયેલા ચાર આશ્રમ જેવા કે, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમમાં સમયાનુસાર જીવન વિતાવી ઈન્દ્રિયોને સંતુષ્ટ કરીને પછી સંન્યાસ લેવો યોગ્ય છે.

ત્યાર પછી નરહરિ તેમની માતાને ઉપદેશ આપતા કહે છે કે જેમ માતાએ કહ્યું કે બધી ઈન્દ્રિયોને સંતુષ્ટ કરીને સંન્યાસ લેવો જોઈએ પણ તે સામાન્ય માણસ માટે છે જેને મોક્ષ માર્ગે જવું હોય તેને યુવાવસ્થાથીજ પુણ્યમાર્ગે આગળ વધવું જોઈએ.

આનાપરથી સમજાય છે કે જેમ સામાન્ય વિચાર હોય છે કે આખું જીવન બધી ઈચ્છાઓ પૂર્ણ કરીને ઘડપણમાં ભગવાનની આરાધના કરીને જીવન વિતાવું પણ જેમ કે આપણે અને આપણાં બધા સાધકો યુવાવસ્થા કે બાળપણથીજ રેકિ એટલે કે પુણ્યના માર્ગ પર ચાલીને મોક્ષ તરફ આગળ વધી રહ્યા છે. કેમ કે આ સંસારમાં જીવન કેટલું રહેશે એ આપણને ખબર નથી. એટલે કે જેને પુણ્યના માર્ગપર જવું છે તેને ઉંમર સાથે સબંધ નથી. આ અધ્યાયમાં માતાપિતાનો વ્યવહાર પણ જણાવવામાં આવ્યો છે. જેમ કે બધાજ માતાપિતા ઈચ્છતા હોય છે કે મારું બાળક બધા કરતા હોશિયાર હોય અને જ્યારે તેમની ઈચ્છા મુજબ બાળક ના વર્તે ત્યારે તે બાળકને બધાથી હોશિયાર થવા માટે force કરે છે. માતાપિતાએ આવું ના કરવું જોઈએ કેમ કે તેમનું બાળક જેવું છે તેવું તેમણે accept કરવું જોઈએ. કેમ કે બાળક આ સૃષ્ટિમા આવ્યું છે તો તેના કોઈ ઉદ્દેશથીજ આવ્યું છે. ભલે હમણાં બીજા બાળક જેટલો હોશિયાર નથી પણ બની શકે આગળ ભવિષ્યમાં બધા બાળકથી કંઈક અલગ કરી બતાવે.

આગળ આ અધ્યાયમાં જ્યારે નરહરિ સંન્યાસ માટે જાય છે ત્યારે એ જોઈને લોકો વિચારે છે કે આમના માતાપિતા કેવા નિર્દયી છે કે આટલા નાના બાળકને સંન્યાસ માટે મોકલે છે. આનાપરથી એ સમજાય છે કે અમુક વાર માતાપિતાને બાળકના benefit માટે કઠોર થવું પડે છે. પણ લોકો તેમની ગમે એટલી નિંદા કરે તો પણ તેમણે વ્યથિત થવું નહીં. કેમ કેતેમનેજ ખબર છે કે એમના બાળક માટે શું લાભદાયી છે.

આગળ જતાં નરહરિ કૃષ્ણસરસ્વતી પાસેથી દિક્ષા ગ્રહણ કરે છે. ત્યારે કૃષ્ણસરસ્વતી તેમને ઉપદેશ આપતા કહે છે કે "જ્યારે ભગવાન મનુષ્યનો અવતાર ધારણ કરે છે ત્યારે તેમને એક વ્યક્તિનું જીવન કેવું હોવું જોઈએ , શ્રેષ્ઠ જીવન અને આદર્શ રીતે કેવી રીતે રહેવાય એમ ઉદાહરણ સ્વરૂપે લોકોને શિક્ષિત કરે છે. જેમ કે શ્રીરામ.

કૃષ્ણસરસ્વતીને આટલા નાના બાળકને આટલું મહત્વ આપતા જોવે છે, ત્યારે ગુરુ કહે છે કે જેમ તાડનું વૃક્ષ મોટું હોય છે પણ આપણે ત્યાં હંમેશા તુલસીની પુજા થાય છે, એમ જ જીવનમાં જ્ઞાનનું મહત્વ છે. જ્ઞાન અને સમજને ઉંમર સાથે સબંધ નથી.



# અષ્ટાવક્ર ગીતા

(ભાગ - ૪)

- અજીતસર

## અધ્યાય પહેલો (સૂત્ર ૪)

**યદિ દેહં પૃથક્કૃત્ય ચિત્તિ વિશ્રામ્ય તિષ્ઠસિ |**
**અધુનૈવ સુખી શાન્ત: બન્ધમુક્તો ભવિષ્યસિ ||**

**અર્થ** : તું જો દેહને તારાથી અલગ કરીને પોતાના ચૈતન્યમાં આરામથી સ્થિર થઈશ તો અત્યારેજ તું શાંત, સુખી અને બંધનમુક્ત થઈશ.

અષ્ટાવક્ર કહે છે કે વૈરાગ્ય આવવાથી તું મુક્તિને લાયક થઈશ. તે પછી ગુરુ પાસેથી ઉપદેશ મળે એટલે આત્મજ્ઞાનનો માર્ગ મોકળો થશે. પણ મુક્તિ માટે ફક્ત આત્મજ્ઞાન હોવાનો કોઈ અર્થ નથી. હું શુધ્ધ આત્મા છું, હું સાક્ષી છું, હું એટલે આ શરીર નથી વિગેરે મુક્તિ માટે પૂરતું નથી. આ બધુંજ જ્ઞાન હોવા છતાંય જો તું શરીર સાથે જોડાઈને રહીશ તો તારા મૃત્યુ પછી તારો પુનર્જન્મ થશે. એટલે તેને મુક્તિ કહી શકાય નહીં. સવિકલ્પ સમાધિમાં પણ, જ્યાં બધાંજ સંસ્કારોના બીજ ઊંડે સુધી ઉતરેલા છે, ત્યાં પણ આ જ જ્ઞાનનો સાક્ષાત્કાર થાય છે. યોગ્ય વાતાવરણમાં આ બીજ ફરીથી અંકુરિત થાય છે અને જોતજોતામાં તે બીજનું મહાવૃક્ષ થાય છે. તે બીજનો પણ નાશ કરવાથી નિર્વિકલ્પ સમાધિનો અનુભવ લઈ શકાય છે. એજ મુક્તાવસ્થા છે.

અહીં અષ્ટાવક્ર જનકને સમજાવે છે કે ચૈતન્યમાં વિશ્રામ જ નહીં પણ ત્યાં સ્થિર થવું પણ જરૂરી છે. સમાધિની આ અવસ્થાએ પહોંચવા માટે યોગશાસ્ત્રમાં સાત આવરણો બતાવેલા છે. તે માટે યોગ, સપ્તપદીની પ્રક્રિયા શીખવે છે. પણ અષ્ટાવક્રનો માર્ગ જુદો જ છે. આ વિષયને ચકાસવાનો તેમનો દ્રષ્ટિકોણ અલગ જ છે. તેઓ કહે છે કે નિર્વિકલ્પ સમાધિ અવસ્થા એક ક્ષણમાં પ્રાપ્ત થાય છે જે ક્ષણે સાધક પોતાના દેહથી અલગ થઈને પોતાના ચૈતન્યમાં સ્થિર થઈને વિશ્રામ કરે છે. તે માટે કોઈ પ્રક્રિયાની જરૂર નથી. કારણકે બધીજ પ્રક્રિયાઓ એટલે આભાસ છે. આભાસનું નિરાકરણ ફક્ત આત્મબોધ દ્વારા થાય છે. તે માટે કોઈ પ્રક્રિયાનો ઉપયોગ થતો નથી. આત્મા સાથે અહં જોડાયેલો છે, અહં એ આત્માનું પ્રતિબિંબ છે. આત્મા જીવનની રમત રમી શકતો નથી. કારણકે તેને દ્વૈત નથી. તે નિર્ગુણ છે, નિરાકાર છે, નિર્વિકાર છે. જીવનની રમત રમવા માટે તેને અહંની જરૂર છે. અહંકારમાંથી વાસનાનો જન્મ થાય છે અને વાસનાપૂર્તી માટે શરીરની જરૂરિયાત છે. જો તું આ શરારથી મુક્ત થઈને આત્મભાવમાં સ્થિર થઈશ તો તું આ ક્ષણે મુક્ત, શાંત અને સુખી થઈશ. તેમાં કોઈ અવરોધ ઊભો નહીં થાય. તે માટે કોઈપણ સાધનાની જરૂર નથી. આપણે કોઈ દોરડાને સાપ સમજીને ડરીએ છે, પણ જે ક્ષણે આપણે પ્રત્યક્ષ જોઈએ, કે તે સાપ નથી માત્ર દોરી છે, તે ક્ષણે કોઈપણ કર્મકાંડની, ક્રિયા-કર્મની જરૂર રહેતી નથી. એક આત્મબોધથી મુક્તિ મેળવી શકાય છે.

આપણે બધા મૂળભૂત રીતે પૂર્ણ જ છીએ. પણ પોતાને અપૂર્ણ સમજીને જીવીએ છે. જીવનભર પૂર્ણત્વની પ્રાપ્તિ માટે વલખાં

મારીએ છે. જુદીજુદી સાધના કરીએ છે. પણ એક ક્ષણની એક સમજ આપણી અંદરનો વિક્ષેપ દૂર કરે છે અને આપણને પૂર્ણત્વનો સાક્ષાત્કાર થાય છે. કારણકે તે પૂર્ણત્વ આપણાં અસ્તિત્વમાં હોય જ છે. તે બહારથી લાવવું પડતું નથી. બધી પ્રક્રિયા બાહ્ય છે. આત્માને કર્મ નથી, આસક્તિ નથી એટલે સંસ્કાર નથી. આપણાં દિવ્ય અસ્તિત્વમાં આપણે સ્થિર થઈએ એટલે કર્મની જગ્યાએ આપણી લીલા શરૂ થાય છે. લીલાને સંસ્કાર નથી હોતા.

## અધ્યાય પહેલો (સૂત્ર ૫)

**ન ત્વં વિપ્રદિકો વર્ણો નાશ્રમી નાક્ષગોચર |**
**અસંગોઽસિ નિરાકારો વિશ્વસાક્ષી સુખીભવ ||**

**અર્થ** : તું બ્રાહ્મણ વિગેરે કોઈ વર્ણનો નથી, ન તું કોઈ આશ્રમવાસી છે. તું આંખો વિગેરે ઇંદ્રિયોનો વિષય નથી. તું નિરાકાર છે, તું વિશ્વસાક્ષી છે તે જાણી લે અને સુખી થા.

અહીં અષ્ટાવક્ર જનકને સમજાવે છે કે જો તું આત્મસ્થિત છે, આત્મસ્વરૂપ છે, તો તને કયો વર્ણ? તું બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, વૈશ્ય નથી અને ક્ષુદ્ર પણ નથી. આત્માને ધર્મ નથી, જાત નથી , તેને કોઈપણ આશ્રમ વ્યવસ્થામાં બાંધી શકાતો નથી. આ બધા ભેદભાવ અહં દ્વારા સર્જાયા છે. તેનો આત્મા સાથે કોઈ સબંધ નથી. તું આત્મા છે તેનો બોધ તને સંસારની માયાજાળમાંથી મુક્ત કરશે. આ બધું અજ્ઞાન છે, તેમાંથી તું મુક્ત થા. પછી તને કોઈપણ પ્રક્રિયાની જરૂર નથી. જગતે નક્કી કરી દીધું છે કે જીવન કઠિન છે, સાધના કઠિન છે અને પછી બધાએ પ્રક્રિયાનો માર્ગ અનુસર્યો. અષ્ટાવક્ર કહે છે, આપણને કશુંજ કમાવાનું નથી. આપણને ફક્ત જે ગુમાવ્યું છે તે પાછું મેળવવાનું છે. આપણો આત્મા એટલે શોધવાની કોઈ વસ્તુ નથી, કે ન તો તેનું અસ્તિત્વ બહાર છે જે શોધવાથી મળશે. બધી બાહ્ય વાતો જે અહં, મન, બુધ્ધિ અને શરીર દ્વારા રચાયેલ છે, તેનાથી દૂર રહીને આપણને ફરીથી પોતાના આત્મસ્થાનમાં રહેવાનુ છે.

આ વાંચતી વખતે મને એક વાર્તાની યાદ આવે છે. હિમાલયના એક પર્વતપર એક નાની ઝૂપડીમાં એક સાધુ રહેતા હતા. એક દિવસ સવારે એક ધનવાન ગૃહસ્થ તેમને શોધતા તેમની પાસે આવ્યા અને બોલ્યા, "મને શાંતિ મેળવવી છે, એટલે મને તમારી સાથે રહેવું છે." સાધુ બોલ્યા, "તું એટલો ધનવાન છે, સફળ છે , તારી પાસે માલમત્તા ગાડીઓ બધું છે છતાંય શાંતિ નથી?અહીં તને શાંતિ કેવી રીતે મળશે?" પેલા ગૃહસ્થે પોતાની જીદ છોડી નહી, છેવટે કંટાળીને સાધુએ તેને કહ્યું, " ભાઈ , તું અહીં રહે. મને કોઈ મુશ્કેલી નથી." આખો દિવસ સાધુ પોતાની સાધનામાં વ્યસ્ત હતા, અને તે વ્યક્તિ તેમની સામે જોતાં હતા. સાંજે ઝૂપડીમાં અંધારૂ થયું. બહાર ચાંદની રાત હતી. સાધુ બહાર જઈને કશું શોધતા હતા. તેમની પાછળ પેલા ગૃહસ્થ ગયા અને બોલ્યા, "મહારાજ, કંઇ શોધો છો? " સાધુ બોલ્યા, " હા ભાઈ, મારું કમંડળ શોધું છું." તે વ્યક્તિએ કહ્યું, "પણ તમારું કમંડળ તો ઝૂપડીમાંજ છે. તે તમે ગઈકાલે બહાર લાવ્યા જ નથી. પછી તે બહાર કેમ શોધો છો? " સાધુ બોલ્યા, " અરે હા, તે મને ખબર છે કે મારુંકમંડળ અંદર જ છે. પણ અંદર અંધારૂ છે. અંધારામા વસ્તુઓ કેવી રીતે મળે? બહાર અજવાળું છે એટલે બહાર શોધું છું." તે વ્યક્તિએ કપાળપર હાથ મૂક્યો અને બોલ્યો, " મહારાજ, મને લાગતું હતું કે આપ સમજદાર છો. અંદર એક મીણબત્તી, દીવો કરો ને ! " સાધુ મોટેથી હસીને બોલ્યા, " અરે, હું એ જ વાત સવારે તને કહેતો હતો, શાંતિ તારા અસ્તિત્વની અંદર જ છે તેને બહાર કેમ શોધે છે?"

સુખ , શાંતિ વિગેરે બાબતો આત્મા સાથે જોડાયેલ છે. અહં સાથે નહી. આ વાતની સમજ આવે એટલે બધી રમત એક ક્ષણમાત્રની જ છે.



# અષ્ટાવક્ર ગીતા

(ભાગ - ૫)

- અજીતસર

## અધ્યાય પહેલો - સૂત્ર ૬:

**ધર્માઽધર્મો સુખં દુ:ખં માનસાનિ ન તે વિભો |**
**ન કર્તાઽસિ ન ભોક્તાઽસિ મુક્ત એવાસિ સર્વદા ||૬||**

**અર્થ:** હે વિભો! (વ્યાપક) ધર્મ, અધર્મ, સુખ અને દુ:ખ મનના આવિષ્કાર છે. તે તારા માટે નથી. તું ન કર્તા છે ન ભોક્તા. તું તો હંમેશા મુક્ત છે.

આત્મા સર્વવ્યાપી ચૈતન્ય છે. તે હંમેશા મુક્ત છે. તેને બંધન નથી. શરીર, મન, બુધ્ધિ વિગેરે મર્યાદિત છે. આત્મા કોઈપણ એક શરીર કે મન સાથે બંધાયેલ નથી. તે હંમેશા મુક્તિનો અનુભવ કરે છે. એટલે અષ્ટાવક્ર, રાજા જનકને 'વિભો' નામથી સંબોધિત કરે છે. 'વિભો' શબ્દ અમર્યાદ અસ્તિત્વનો બોધ કરાવે છે. મુક્તિ તારો મૂળ સ્વભાવ છે. અને મૂળમાં જે છે તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન વિફળ છે. અંતર્મુખ થઈને જે છે તેને જોવાની અને સમજવાની જરૂર છે, આપણે બધા એક વિક્ષેપથી ત્રસ્ત છીએ. પોતાનું મૂળ સ્વરૂપ આપણે ભૂલી ગયા છીએ. તું શોધતો રહીશ તો જીવનમાં ભટકતો રહીશ. તેમાંથી કશુંજ મેળવી નહી શકાય. આત્મા કોઈ વસ્તુ નથી કે જે ખોવાય. તે નિરંતર આપણી સાથે છે. ફક્ત તેનું હોવું અને આપણી સમજ વચ્ચેના આભાસી વાદળાં દૂર કરવાની જરૂર છે. ફક્ત અહંકારને લીધે આપણે પોતાને ભોક્તા અને કર્તા માનીએ છીએ. અહંકાર જ આપણને પોતાના આત્મસ્વરૂપની ઓળખાણ થવા દેતો નથી.

## સૂત્ર ૭:

**એકો દ્રષ્ટાઽસિ સર્વસ્ય મુક્તપ્રાયોઽસિ સર્વદા |**
**અયમેવ હી તે બંધો દ્રષ્ટયારં પશ્યસીતરમ્ ||૭||**

**અર્થ:** તું એક બધાનો દ્રષ્ટા છે. અને સદાય મુક્ત જ છે. હે બંધો ! સવાલ એ જ છે કે તું પોતાને છોડીને બીજાને દ્રષ્ટા માને છે.

આ સૂત્રમાં દ્વૈતભાવ અજ્ઞાનનું કારણ છે, એટલે અદ્વૈતભાવનું સમર્થન અષ્ટાવક્ર અહીં કરે છે. તારો આત્મા અને પરમાત્મા એકજ છે તે સમજી લે. તે પરમાત્મા સર્વદ્રષ્ટા છે. એટલે તે દ્રષ્ટા તું જ છે તે સમજ. તું પોતાને સમજી ન શકવાથી બીજાને દ્રષ્ટા માનીને જીવે છે. દ્વૈતનો સાથ છોડીને તને અદ્વૈતને શરણે થવું પડશે તો જ તું આ વાતોનો અનુભવ કરી શકીશ.

## સૂત્ર ૮:

**અહં કર્તેત્યહંમાન મહાકૃષ્ણાદિ દંશિત : |**
**નાહં કર્તેતિ વિશ્વાસામૃતં પીત્વા સુખી ભવ ||૮||**

**અર્થ** : "હું કર્તા છું" એવા અહંકારરૂપ વિશાળકાય કાળા સર્પના દંશથી તું ગ્રસિત છે,"હું કર્તા નથી" એવા વિશ્વાસરૂપ અમૃતનું પાન કરી તું સુખી થા.

અહંકારભાવ જ સહુથી મોટો સવાલ છે. અહંકારને લીધે તારું સંપૂર્ણ અસ્તિત્વ દૂષિત થયું છે. તે દૂષણને દૂર કરવાનો એકજ માર્ગ એટલે પોતાને કર્તા ન સમજી, આપણે તે આત્માવતી કાર્ય કરીએ છીએ એવી સમજ કાયમ રહે તો શ્રી ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણ જે નિષ્કામ કર્મનો ઉપદેશ કરે છે તેનો તું અનુભવ કરી શકીશ. તે કર્મના ફળનો અધિકાર તારો નથી. અધિકાર એ અહંકારના અસ્તિત્વની નિશાની છે. નિષ્કામ કર્મ ત્યારે જ થાય જ્યારે આપણે પોતાને દ્રષ્ટિભાવથી જીવતા આત્માનો સેવક સમજીએ. આપણી પાસે હંમેશા વિકલ્પ હોય છે કે અહંકારના કાળરૂપ સર્પના ઝેરનો અનુભવ કરવો કે આત્માના સ્થાને જઈ તે દિવ્ય અમૃતનો અનુભવ કરવો. તું આત્મરૂપ માર્ગને પસંદ કર. સુખનો અનુભવ કરી શકીશ.

## સૂત્ર ૯

**એકો વિશુધ્ધ બોધવ્યોઽહમિતિ નિશ્ચયવન્હિના |**
**પ્રજ્વાલ્યજ્ઞાન ગ્રહનં વીતશોક: સુખી ભાવ ||૯||**

**અર્થ**: હું એક વિશુધ્ધ અસ્તિત્વ છું એવા નિશ્ચયરૂપ અગ્નિદ્વારા તું અજ્ઞાનને બાળી નાખ. આ જ શોકવગર સુખી થવાનો માર્ગ છે.

જ્ઞાન માર્ગમાં અહંકાર એક મોટો અવરોધ છે. તેને દૂર કરીને જીવીએ તો સુખના દ્વાર ખુલશે. ફક્ત સંસારનો, સમૃધ્ધિનો ત્યાગ કરવાથી આપણે ક્યારેય સુખી નથી થઈ શકતાં. પોતાના વિષેની ગેરસમજણ આપણે છોડવી પડશે. અજ્ઞાનને દૂર કરવું પડશે. દ્વૈતનો આભાસ હટાવવો પડશે. આપણો કર્તાભાવ છોડવાથી આપણને બધું મળશે. આ વિશ્વમાં આપણું કશુંજ નથી એ વાત જાણીએ એટલે કર્તાભાવમાંથી આપણે મુક્ત થઈ શકીશું. કારણકે માલિકીભાવ અહંકારનો પોષક છે. અહંકારનું મૂળ કર્તાભાવમાં છે. પહેલાના શ્લોકમાં કહ્યામુજબ અહંકારના ઝેરનો ત્યાગ કરીને આત્માના અમૃતનો અનુભવ કરવો આપણું પરમ કર્તવ્ય છે.

## સૂત્ર ૧૦:

**યત્ર વિશ્વમિદં ભાતિ કલ્પિતં રજ્જૂસર્પવત્ |**
**આનંદ પરમાનંદ: સ બોધસ્ત્વં સુખં ચર ||૧૦||**

**અર્થ** : એક દોરડું સર્પનો આભાસ તૈયાર કરે છે તેવી રીતે આ વિશ્વ ફક્ત એક આભાસ છે તેમ સમજીને તું આ બોધ યાદ રાખીને સુખથી જીવન વ્યતીત કર.

આ સૂત્રમાં અષ્ટાવક્ર કહે છે કે આ સંસાર જ એક આભાસ છે. તેને આભાસ સમજીને જીવન જીવીએ તો તે આનંદ, પરમાનંદનો અનુભવ કરવા માટે તું તૈયાર થઈ શકીશ. કોઈ સ્વપ્નને સત્ય સમજીને થોડીક ક્ષણો માટે કદાચ સુખનો આભાસ તૈયાર થાય પણ તે સ્વપ્ન પૂરું થયા પછી તે આભાસ હતો તેનો ખ્યાલ આવે છે. રસ્તાપરથી જતી વખતે દૂર સુધી પડેલું દોરડું સાપનો આભાસ તૈયાર કરીને આપણને ડરાવે છે. પણ નજીક ગયા પછી તેનું મૂળ સ્વરૂપ જાણીએ ત્યારે આપણો ડર દૂર થાય છે. સંસારની બાબતમાં પણ એવું જ છે. તે એકવાર સમજાય એટલે સુખના મહાદ્વાર આપણાં માટે હંમેશા ખુલેલા છે.

# આશ્રમવાર્તા

## (૧) નવા શક્તિપીઠનું નિર્માણ





શક્તિપીઠ આપણા દેવરૂખ આશ્રમનો મહત્વનો હિસ્સો છે. સ્વામી મંદિરની ડાબી બાજુએ સ્થિત શક્તિપીઠ મઠની મૂળ જગ્યાનો શક્તિસ્ત્રોત છે. ઘણા વર્ષોથી ત્યાં કામાક્ષીદેવીનું દક્ષિણામુખી મંદિર બાંધવાનું ગુરુજીના મનમાં હતું. તે ઠેકાણે હવે મંદિરના બાંધકામની શરૂઆત થઈ છે. ગોવાના ખાસ કામાક્ષીદેવીના શિલ્પકાર પાસેથી બનાવેલી મૂર્તિ તે મંદિરમાં સ્થાપન કરવાની યોજના છે.

## (૨) ઈનર વ્હીલ્સ બંગલોર માટે ગુરુજીનું વ્યાખ્યાન





ઈનર વ્હીલ્સ ઈન્ટરનેશનલના વૈશ્વિક મહિલા સંસ્થાના ચેન્નઈ ખાતેના ૨૭૩ ક્રમાંકના ઈનર વ્હીલ્સ કલબ તરફથી ગુરુજીનું 'રેકિ અને મહિલા' વિષય પર એક વ્યાખ્યાન 'ઓનલાઈન ઝુમ ' એપ પર તા.૨૨ ડિસેમ્બર ના રોજ યોજાયું હતું. ૧૦૫ દેશમાં સક્રિય આ સંસ્થાની ભારતમાં ૧૨૭ શાખાઓ છે અને અંદાજે ૧૫૦૦ મહિલા સદસ્ય છે. સવારે ૧૧ વાગે યોજાયેલું વ્યાખ્યાન, હાજર મહિલાઓને ખૂબ ગમ્યું. રેકિ, તેની વિશેષતાઓ, મહિલાઓ માટે રેકિ કેવી રીતે ઉપયોગી છે તેની માહિતી ગુરુજીએ ઉપસ્થિત મહિલાઓને આપી.

## (૩) ડી.એસ.પી.પી.એલ દ્વારા આયોજિત '3SRB and Refining exercises”



૨૭ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ ડી.એસ.પી.પી.એલ સંસ્થા દ્વારા “3 SRB and refining exercises “ નો કાર્યક્રમ આપણા વિદ્યાર્થી, વાલી, અને શિક્ષકો માટે યોજાયો હતો. નવી પેઢીને પોતાની લાગણી પર કાબૂ મેળવવા માટે સ્વ.તાવરીયાજી જેવા આધુનિક સમયના સંતે બનાવેલી પ્રક્રિયા ખુબજ લાભકારક છે. તાવરીયાજીના શિષ્ય અને આ પરંપરાના એક જ્યેષ્ઠ પ્રશિક્ષક શ્રી. રાજન વકીલે આ પ્રક્રિયા સમજાવી.

## (૪) દેવરૂખ આશ્રમનો દત્ત જયંતિ ઉત્સવ

તા ૨૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ શ્રી દત્ત જયંતિ ઉત્સવ દેવરૂખ આશ્રમમાં દરવર્ષની જેમ ધામધૂમથી મનાવ્યો પણ કોરોનાના નિયંત્રિત વાતાવરણના નિયમો મુજબ મનાવવામાં આવ્યો. નિયંત્રિત પ્રવેશ નિયમોને લીધે આ વર્ષે ફક્ત ૩૦ આમંત્રિત પ્રમુખ સેવેકરીએ આ ઉત્સવમાં ભાગ લીધો. દત્ત જયંતિને દિવસે એટલે ૨૯ ડિસેમ્બરના રોજ સવારે નાનકડો દત્તયાગ કરવામાં આવ્યો. દત્તજયંતિ નિમિત્તે બધા પ્રમુખ સેવેકરી માટે ગુરૂજીએ એક 'પ્રશિક્ષણ શિબિર' નું આયોજન કર્યું હતું.

## (૫) ડી.એસ.પી.પી.એલ. ની વૃધ્ધો માટે યોગ શિબિર

દેવરૂખ સ્પિરિચ્યુઅલ પ્રોવેસ પ્રા.લી. મઠના સાધકો દ્વારા નિર્માણ પામેલ સંસ્થાએ ૧ લી જાન્યુઆરી, ૨૦૨૧ થી ૧૦ જાન્યુઆરી સુધી ફક્ત વૃધ્ધ સાધકો માટે ઝુમ પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન યોગ શિબિરનું આયોજન કર્યું હતું. નવા વર્ષનો શ્રીગણેશ આ કાર્યક્રમ દ્વારા સંસ્થાએ કર્યો. અને આખા વર્ષમાં સાધકોને કયા પ્રશિક્ષણની તક મળી શકે તેની ઝલક બતાવી. ૧૨ સાધકોની આ શિબિરનું આયોજન વિખ્યાત યોગ પ્રશિક્ષક અને આપણાં વડોદરા કેન્દ્રના જ્યેષ્ઠ સાધિકા કૂ. અજીતા સોમણે કર્યું હતું.



## (૬) આશ્રમમાં મૂકેલું કાલિંદીનું સ્મૃતિ –શિલ્પ

પ્રખ્યાત કલાકાર અને આપણા સાધક શ્રી.અવધૂત પોટફોડેએ 'કાલિંદી અને શંભુ' ની સ્મૃતિમાં તૈયાર કરેલું શિલ્પ મઠના પ્રવેશદ્વારે વટથી ઊભું છે. માતા કાલિંદી અને તેના બાળ શંભુની યાદને જીવંત રાખતું આ શિલ્પ આપણાં દેવરૂખ મઠનું એક આકર્ષણ બન્યું છે. પ્રેમાળ કાલિંદી અને તેનું નિર્દોષ બાળક શંભુ વ્હાલસોયા અને મમતામયી મઠની નિશાનની જ જાણે.





## (૭) આશ્રમમાં ઋષિ વિરાજમાન

જ્ઞાનસભાના પ્રવેશદ્વાર પર અવધૂત પોટફોડેના સક્ષમ હાથે આકાર પામેલ ઋષિની પ્રેમાળ અને ધીરગંભીર મુર્તિ જ્ઞાનસભાના ઉદરમાં યોજાતા પ્રશિક્ષણ શિબિરોમાં થનાર જ્ઞાનદાનના કાર્યને આશીર્વાદ આપતા અધોન્મીલિત નેત્રોદ્વારા પોતાના શિષ્યો પર નજર રાખે છે તે નક્કી.



# चमत्कार बैठे छप्पर पर, गारूडीका खेल देखना ॥

## 3

સ્વામી સમર્થ એટલે પ્રત્યક્ષ પ્રભુશ્રી દત્તાત્રેયનો પુર્ણાવતાર. તેમનું સંપૂર્ણ ચરિત્ર ચમત્કારોથી ભરેલું છે. સામાન્ય માણસની દૃષ્ટિથી જોતાં પરમેશ્વરની દરેક વાતને ચમત્કાર જ કહી શકાય. પ્રત્યેક ઝાડના એક એક પાનથી લઈને આકાશમાં ચમકનારા પ્રત્યેક તારા પર્યંત સર્વ કંઈ ચમત્કાર જ છે. પરમેશ્વરના અવતારની પ્રત્યેક કૃતિ ચમત્કારોથી ભરેલી હોય છે.

શ્રી સ્વામી સમર્થની લીલાનું વર્ણન કરવું એ એમ જોઈએ તો અશક્ય કર્મ જ છે. માનવી ક્ષમતાની મર્યાદા વ્યક્ત કરનારા એવા આ ચમત્કારોથી સામાન્ય માણસ જો મંત્રમુગ્ધ થઇ જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. સામાન્ય માણસો, જે વ્યવહારિક કાદવમાં ખૂંપી ગયેલા છે તેમને પરમાર્થના માર્ગપર લાવવા માટે પરમેશ્વરી અવતાર કે સંત મહંતો આવા ચમત્કાર કરે છે. જેમકે થોડા વર્ષો પહેલાં ચમત્કાર કરનારા શ્રીસત્યસાંઈબાબાએ, એક વાર કહેલું કે પ્રત્યેક વખતે હું જે ચમત્કાર કરું છું, હાથ હલાવીને હાથમાંથી વિભૂતિ કાઢું છું, તે તે વખતે ચાલીસથી પચાસ હજાર માણસો આ આધ્યાત્મિક માર્ગે આકર્ષિત થાય છે. આ ચમત્કાર તેમના માટે હોય છે જેઓ પોતાના જ્ઞાનથી આ માર્ગે વળે તે શક્ય નથી. જ્ઞાની સાધકને આવા ચમત્કારોની જરૂરત નથી એમ

કહી શકાય અથવા ચમત્કારોથી ભરેલા આ માર્ગ પર ચાલીને પોતાના અંતિમ ધ્યેય સુધી પહોંચવાનો માર્ગ તેઓ જોઈ શકે છે.

જેમ હિમાલયમાં અમરનાથની યાત્રા કરતી વખતે પ્રચંડ સૃષ્ટી સૌંદર્ય જોવા મળે છે. એકદમ મંત્રમુગ્ધ કરી દે તેવું, ત્યાં પગ થંભી જાય તેવું દૃશ્ય. એવું લાગે કે અહીંથી હલવું જ નથી, બસ બેઠા જ રહીએ. એ વાતાવરણમાં ઓતપ્રોત થઇ જઈએ. પરન્તુ તેમ કરવાથી આપણે શ્રી અમરનાથની ગુફા સુધી ક્યારેય પહોંચી શકીએ નહીં. જેના દર્શનની તાલાવેલી છે તેને ક્યારેય મળી શકવાના નથી. તેથી આ સૌંદર્યના માર્ગ પર, સૌન્દર્યનું પાન કરતાં કરતાં આગળ ચાલવું જરૂરી છે. આ પણ એ માર્ગ પરની સાધના છે. સાધનાનું કૌતુક કરતાં કરતાં, સાધ્યથી દૂર જવું ઉચિત નથી.

સાધકોએ, સ્વામી ભક્તોએ શ્રી સ્વામી સમર્થના આ ચમત્કારોનો અર્થ સમજવો જોઈએ લોકોને પોતાના ચમત્કારોથી મોહિત કરીને વાહ વાહ કરાવવામાં સ્વામી ક્યારેય માનતા નહીં, ઉલટું સાધનાના માર્ગ પર આગળ જનારા સાધક આ માર્ગ પર અટકે અથવા તો આ માર્ગનો મૂળ ઉદેશ્યથી દૂર જતો જાય એ સ્વામીને ક્યારેય ગમતું નહીં. શ્રીસ્વામીના ચરિત્રમાં એમના અને તેમના શિષ્ય પરમ સદગુરુ શ્રીકૃષ્ણ સરસ્વતીના મિલનની કથા છે. જે વખતે શ્રીકૃષ્ણ સરસ્વતી તેમની સામે આવીને ઉભા રહયા તે વખતે સ્વામીએ તેમને કહયું, “તારી રંડી બાજી હજુ કેમ છુટતી નથી?” આસપાસના સર્વ ભક્તોને આશ્ચર્ય થયું પણ શ્રીકૃષ્ણ સરસ્વતી માત્ર માથું નીચું રાખીને ઉભા રહયા, અન્ય લોકોને એ સમજાતું ન હતું કે આટલા સાત્વિક વૃત્તિના સંત આટલા નીચલા સ્તરે કેવી રીતે જઈ શકે? પરન્તુ સરસ્વતીને તો ખબર હતી કે તેમણે મેળવેલી અને તેનો ઉપયોગ કરેલી સિધ્ધિઓ બાબત સ્વામી બોલે છે, ત્યાર પછી તેમણે સ્વામીને વચન આપ્યું કે એ સિધ્ધિઓનો ચમત્કાર માટે તેઓ ઉપયોગ કરશે નહીં.

શ્રી સમર્થ હંમેશા કહેતા, માત્ર ચમત્કાર જ જોવા હોય તો ગારુડીનો ખેલ જુઓ. મારી પાસે આવતાં નહીં. મેં કરેલા ચમત્કાર માંથી કશું શીખતા ન આવડે તો ચમત્કાર જોવાનો કશો અર્થ નથી. ચમત્કાર તો માત્ર દૃષ્ટાંત છે, સિધ્ધાંત તેનું બીજ છે. આજકાલ ગણેશોત્સવ, દશેરા એ બધા ધાર્મિક ઉત્સવોમાં આપણે એ જ જોવાનું છે. અતિશય સુરેખ સુંદર સજાવટ, વૈજ્ઞાનિક ચમત્કારોએ સજાવેલા, આધુનિક યંત્ર – તંત્રમાં ભકતો એવા ગુંચવાઈ જાય છે કે એ બધા જેને માટે રચવામાં આવ્યા, છે કે તે ગજાનનનું, તેનું મૂળ તત્ત્વ જ વિસરાઈ જાય છે. અમેરિકા જેવી આધુનિક મહા સત્તાએ તેમના અતિ – આધુનિક તંત્ર – મંત્રના ચમત્કારોથી આપણા અત્યંત પ્રભાવી મૂળતત્વો આપણને ભૂલાવી દીધા છે. પુરાણકાળની અંધશ્રધ્ધાની જગ્યા આજે આધુનિક અંધશ્રધ્ધાએ લઈ લીધી છે એ પણ એટલું જ સાચું છે. શ્રી સ્વામી સમર્થના ચમત્કૃતિપૂર્ણ જીવનમાં તેમણે જે કંઈ શીખવ્યું છે તેની વિશેષ ચર્ચા થતી નથી.તેનું એક કારણ એ છે કે સામાન્ય માણસ માત્ર બાહય કાર્યોમાં જ ગુંચવાઈ જાય છે તે પણ માત્ર અજ્ઞાનને લીધે.બીજું કારણ એટલે આ ચમત્કારોની પ્રસિધ્ધિ શીખવા – શીખવવા કરતાં મોટી લાગે છે.

શ્રી સમર્થને ગુસ્સો આવે ત્યારે તેઓ કહેતા, “ચમત્કાર ઘરબહાર રાખો, તેને દૂર રાખો.સિધ્ધાંતના, જ્ઞાનના સહવાસમાં રહો.” જે અનુભવમાંથી જ્ઞાન નથી મળતું, તેનું આચરણ કરવામાં નથી આવતું તે અનુભવનો વિશેષ અર્થ નથી. માનવ સિધ્ધાંતોનું જે કાંઈ મૂલ્ય છે તેને ન છોડતા જીવન જીવવું એ જ મૂલત: સાધના છે.






શ્રી સ્વામી સમર્થ એટલે ઉત્સાહનો ચૈતન્યનો સાગર,ખરું કહું તો સ્વામીની વયની કોઈને ખબર જ નથી. તેવી જ રીતે સ્વામીએ ધારણ કરેલો આ માનવ દેહ કયારેય કોઈએય થાકેલો કે હારેલો જોયો નથી. સ્વામી એટલે ઝળહળતા ચૈતન્યનો અખંડ પ્રવાહ! સ્વામી સતત કાર્યરત રહેતા. કોઈવાર ભર બપોરે બળબળતા ઉનાળામાં પણ સ્વામીની વાત્સલ્ય મૂર્તિ કયાંકથી ચાલતા જતી અથવા તો કયાંકથી આવતી દેખાતી. આરામ એ શબ્દ સુધ્ધા સ્વામીના શબ્દકોશમાં ન હતો. સ્વામીને આળસ પ્રત્યે પ્રચંડ તિરસ્કાર હતો. તેમના કોઈ સેવકે આળસ કરી અથવા તો વિના કારણ સમય બરબાદ કર્યો હોય તો તે સ્વામીને જરાપણ પસંદ ન હતું.

આપણે અત્યાર સુધીના જન્મમાં જે કંઈ પાપ કર્મ કર્યા હોય, તેના સંસ્કાર પ્રાક્તન અને પ્રારબ્ધના રૂપમાં આપણી સમક્ષ આ જન્મમાં આવે છે. તે પાપકર્મોના ફળ આપણે ભોગવીને પૂરા કરવા કે તે ફળોને આપણા સુધી આવવા જ દેવા નહીં એ નિર્ણય આમ જોઈએ તો વૈયક્તિક સ્વરૂપનો છે. તે પાપકર્મોનો નિકાલ પુણ્યકર્મ કરીને કરવો તે ઉત્તમ છે. નવીન સુસંસ્કાર તૈયાર કરીને જુના કુસંસ્કારોને મિટાવી દેવા એ જ મોક્ષ તરફ લઈ જનારી સાધના છે. સતકર્મ એ જ સાધના. સતકર્મ કરવા માટે તો આપણને આ મનુષ્યદેહ મળ્યો છે.

મોટાભાગના લોકોને એવું લાગે છે કે આપણે મોક્ષ મેળવવો જ નથી તો શા માટે સત્કર્મની ભાંજગડમાં પડવું? તેમના આવા તત્વજ્ઞાન માટે તેઓ પોતાની જ પીઠ થાબડતા હોય છે. પરન્તુ તે મૂર્ખાઓને એ ખબર નથી હોતી કે મોક્ષ તરફ જવું કે ન જવું તે ઈશ્વરે માનવીના હાથમાં રાખ્યું જ નથી. પર્યાય એટલો જ છે કે હસતા – હસતા મોક્ષના પથ પર ચલવું છે કે રડતા – કકળતા, પડતા આખડતા મોક્ષ માર્ગ પર ચાલવું છે. ભ્રષ્ટ બુધ્ધિના લોકોને આ સાદી વાત સમજમાં આવતી નથી એ દુઃખની બાબત છે. બીજી ગમ્મતની વાત એ છે કે આળસ એટલે શું અથવા કર્મ એટલે શું એ બન્ને બાબતમાં સામાન્ય માનવીની જાણકારી શૂન્ય. ક્રિયા ન કરવી, અક્રિય રહેવું એટલે આળસ નથી. પરન્તુ અભાવી રહેવું એટલે આળસ. ભાવમાં સંકલ્પ છે, જવાબદારી

છે, ક્રિયામાં એવું કશું જ નથી. ક્રિયામાં જયારે ભાવ / સંકલ્પ જોડાય છે ત્યારે જ કર્મનો જન્મ થાય છે. કોઈ માણસ કંઈ જ ન કરતા બેઠો હોઈ, એવું લાગે કે તે આળસુ છે એવું નથી અથવા માણસ સતત કંઈ ને કંઈ ક્રિયા કરતો રહે તો તે કાર્યરત છે એવું પણ નથી. આશ્રમમાં, હિમાલયની ગુફામાં મોટાભાગના સાધુ – સંન્યાસી શાંત, સ્વસ્થ બેઠા હોય છે. તેઓ કંઈ આળસુ નથી હોતા તેઓ સ્વસ્થ ચિત્ત હોય છે. તેઓ સર્વ ક્રિયા – કર્મથી પર હોય છે. સ્થૂળની પેલે પાર જઈને સમગ્ર વિશ્વનું આકાશ પોતાના સ્થિર ચિત્તમાં સમાવીને તેમના કર્મો ચાલુ જ હોય છે. તેમની શાંતિની, સ્વસ્થતાની, સ્થિરતાની એક દિશા છે, એક ગતિ છે જે વિશ્વની ગતિ સાથે તાલ મિલાવે છે.

કોઈ માણસ સતત કંઈ ને કંઈ કરતો હોય એટલે તે કાર્યરત છે એવું પણ નથી. કાર્યને જો દિશા જ ન હોય તો તે કાર્ય પણ આળસનો પ્રકાર છે. સતત ક્રિયા કરનારા કેટલાક મહાનુભાવો મારા પરિચયમાં છે. હર ક્ષણ તેમનું કંઈ ને કંઈ કાર્ય ચાલુ જ હોય છે. તેઓ સૂવે છે ત્યારે જ તેમનું કાર્ય બંધ હોય છે. આજ કોઈ ઠેકાણે ખીલા મારશે તો કાલે તે જ ખીલાને ઉખડતા દેખાશે. પોતે જ કામ તૈયાર કરે અને પછી તેમાં ડૂબી જવું એટલી જ તેમને ખબર હોય છે. આ બધી ગડબડમાં આ લોકો એક ઈંચ પણ આગળ સરકતા નથી. આવી પ્રવૃત્તિના માણસોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે આવા માણસો ખૂબ અસ્વસ્થ હોય છે, બહાર વ્યસ્ત દેખાતા માણસો અંદરથી ખૂબ અસ્તવ્યસ્ત હોય છે. તેઓ ખૂદથી દૂર ભાગતા હોય છે. તેમને પોતાની, પોતાના ભૂતકાળની બીક લાગતી હોય છે, બાળપણનો સૈતાની રાક્ષસ હજુ તેમની આસપાસ રમતો હોય છે. તેમની આ ક્રિયા ખરું જોતાં, મનથી, ભૂતકાળથી ભાગવાની પ્રતિક્રિયા છે તે એક વિકાર છે. એવા માણસો એક ઠેકાણે બેસી શકતા નથી.તેમનામાં કંઈક અપરાધીપણું હોય છે. ધ્યાનમાં બેસે તો પોતાને જ અપરાધીના પિંજરામાં જોતાં હોય છે. જે કાર્યને દિશા નથી, સદગતી નથી તે પણ એક અર્થમાં આળસ જ, તે પણ આંતરિક જવાબદારી ટાળવાનું લક્ષણ જ છે.

રજનીશે એક જગ્યાએ સરસ કહેલું છે કે જગતમાં સહુથી વધારે કાર્ય જો કોઈ એક માણસે કર્યું હોય તો તે એટલે સર્વ ક્રિયા છોડીને ધ્યાનમાં બેઠેલા બુધ્ધે! આવા માણસો ધ્યાનમાં બેસીને પ્રત્યેક માનવીના અસ્તિત્ત્વની અંદર જઈને તેમના જટિલ / ગુંચવાયેલા મનને અંદર –બહારથી સાફ કરી દે છે. દેહના સર્વ દરવાજા બંધ કરીને કર્મેન્દ્રિયોના દ્વાર બંધ કરીને તેઓ સતત કાર્ય કરતાં હોય છે. કોઈ મોટા ઉદ્યોગપતિ પોતાના કાર્યાલયમાં બેસીને કામ કરે છે તેમની જેમ.

આ વિષયપર નાનપણમાં વાંચેલી એક કથાની યાદ આવી ગઈ. એક રાજ્યની હદમાં જંગલમાં એક સાધુનો આશ્રમ હતો. તેમાં સાધક લોકો સાધના કરતા, ધ્યાન મગ્ન થઈને બેસતા. રાજ્યમાં કેટલાક રાજકારણીઓથી તે જોવાયું નહીં – તેમને હિંસાચાર, ભ્રષ્ટાચાર વિગેરે ની આદત પડી ગઈ હતી, એવા અસ્વસ્થ, અશાંત મનને તે કેવી રીતે પરવડે? તેથી તેમણે રાજાના કાન ફૂંક્યા. તેઓએ કહયું કે તે આશ્રમમાં આળસુ લોકો રહે છે, તેમને જોઇને સામાન્ય માણસોને અસર થશે તો રાજ્યના બધા લોકો આળસુ થઈ જશે. તેથી રાજાએ તેમના વિરુધ્ધ કશી કાર્યવાહી કરવી. રાજાને તે વાત ગળે ઉતરી નહીં, કારણ કે તે સાધુ કે જેમનો તે આશ્રમ હતો, તેમના માટે રાજાને ખૂબ આદર હતો. પરન્તુ રાજા ન્યાયી હતો. લોકોની ફરિયાદની પૂછતાછ જરૂર કરતો. તેથી તેણે સાધુની મુલાકાત લીધી અને સાધુને કહયું, “મહારાજ તમારા સાધકો કશું કામ કરતાં નથી અને રાજ્યમાં આળસ ફેલાવે છે એવી ફરિયાદ છે તો શું કરવું?” સાધુમહારાજ કંઈ બોલ્યા નહીં, તેમણે કહયું, ”આજ રાતે આપણે પરીક્ષા કરીએ”. રાત થતાં જ તેમણે રાજાના કેટલાક સેવકોને પાણીની બાલદી લઈને પોતાની પાસે બોલાવ્યા. સાથે રાજાને પણ રાખ્યા. મધ્યરાત્રીએ રાજાના પ્રધાન, મંત્રી, સેનાપતિના ઘરે જઈને તેઓ સૂઈ ગયા પછી પાણી નાખ્યું. પછી શું? ગાળોની, શાપની વર્ષા કરતાં એ બધા ઉઠયા. તેઓ એક સાધુ સામે છે, તેમના રાજા તેમની સામે ઉભા છે એનું ભાન તેમને રહયું નહીં. થોડા સમય પછી તે સાધુ મહારાજે રાજાને કહયું, “ચાલો હવે આપણા આશ્રમમાં જઈએ, સૂતેલા સાધકો પર પાણી નાખીને તેમને ઉઠાડીએ”. જે ક્ષણે તે સાધકો પર પાણીની વર્ષા કરી તે ક્ષણે સાધકો શાંતિથી ઉઠયા, પરમેશ્વરનું નામ લેતા. કોઈ શિવ – શિવ બોલ્યા તો કોઈ હરિ – હરિ બોલ્યા. સાધુને નમસ્કાર કર્યા, રાજાને વંદન કર્યું. રાજાને નવાઈ લાગી. સાધુ બોલ્યા, “આ માણસો હંમેશા જાગૃત રહે છે. પરમેશ્વરના કાર્યમાં કાર્યમગ્ન રહે છે. તારા માણસો, જેમણે ફરિયાદ કરી છે તેમને માત્ર લાગે છે કે તેઓ કાર્યશીલ છે. તેઓ અસ્વસ્થતા અને અશાંતિથી ભરેલા છે. તેઓ જ ખરા આળસુ છે.”

જેઓ પોતાના કાર્યને જ સાચી રીતે ઓળખી શકતા નથી તેઓ આળસુ છે. તેઓ કાર્યની પેલેપાર જતાં નથી આ પાર જ રહે છે. તેમનામાં કાર્યની, સંકલ્પની, જવાબદારીનો અભાવ હોય છે. તેઓ તામસી પ્રવૃત્તિના હોય છે જેની અંદર કોલાહલ મચ્યો હોય, જેમના વિચારોને યોગ્ય દિશા નથી તે આળસુ છે. આવા આળસુ લોકો આળસ ફેલાવે છે. જેમ એકને બગાસુ આવે તો બીજાને પણ આવે, તેવી રીતે આળસથી બીજા લોકો સુસ્ત બને છે તેથી આવા ગતિહીન, દિશાહીન,અકર્મીનું મોં પણ ન જોવું એવું સ્વામી સૂચવે છે.